dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 44 | AD - 2025, Kartak Vad - 13 | Monday, Dt.17-11-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### મુખ્યમંત્રી નીતિશ કુમાર આજે રાજ્યપાલને રાજીનામું સોંપશે

# બિહારમાં હવે નવી સરકાર બનાવવાના પ્રયાસો તેજ

પટના,તા.૧૬

બિહારમાં હવે નવી સરકાર બનાવવાના પ્રયાસો તેજ થઈ ગયા છે. **JDU**એ આજે ધારાસભ્ય દળની બેઠક બોલાવી છે. નીતિશ કુમારને તેમના ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટવામાં આવશે. ભાજપ ધારાસભ્ય દળની બેઠક આજે એટલે કે સોમવારે મળવાની અપેક્ષા છે. મુખ્યમંત્રી નીતિશ કુમાર ૧૭ નવેમ્બરના રોજ રાજ્યપાલને રાજીનામું આપશે અને તે જ દિવસે નવી સરકાર બનાવવાનો દાવો પણ રજૂ કરી શકે છે. મુખ્યમંત્રી ગૃહના સૂત્રોના જણાવ્યા અનુસાર, નીતિશ કુમાર ૨૦ નવેમ્બરના રોજ ૧૦મી વખત મુખ્યમંત્રી પદના શપથ લઈ શકે છે. ૨૦૨૫ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ સૌથી મોટો પક્ષ છે, પરંતુ સરકારમાં ફરી એકવાર નીતિશ કુમારની પાર્ટી, જેડીયુનું કદ વધવાનું નક્કી માનવામાં આવી રહ્યું છે. અહેવાલો અનુસાર, નીતિશ કુમારની સાથે ૧૮ મંત્રીઓ પણ શપથ લઈ શકે છે. આ દરમિયાન, ડેપ્યુટી **CM** પદની રેસમાં ભાજપ તરફથી સમ્રાટ ચૌધરી, રામકૃપાલ યાદવ અને મંગલ પાંડેના નામોની ચર્ચા થઈ રહી છે. ચિરાગ પાસવાનની પાર્ટી, એલજેપી (આર) બિહાર સરકારમાં એન્ટ્રી કરશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ વખતે મંત્રીમંડળમાં ૩૦-૩૨ મંત્રીઓનો સમાવેશ થઈ શકે છે. **JDU** અને **BJP** પાસે સમાન સંખ્યામાં મંત્રીઓ હોઈ શકે છે. ચિરાગ પાસવાનની પાર્ટીને ત્રણ મંત્રી પદ મળી શકે છે, જ્યારે જીતન રામ માંઝી અને ઉપેન્દ્ર કુશવાહાના પક્ષોને એક-એક મંત્રી પદ મળી શકે છે. વર્તમાન વિધાનસભા સંખ્યાના આધારે, બિહારમાં કુલ ૩૬ મંત્રીઓની નિમણૂક થઈ શકે છે. એવું કહેવામાં આવી ૨૦૨૨ના ચૂંટણી પરિણામો પછી, ભાજપે બિહારમાં બે ડેપ્યુટી સીએમ રાખવાની પરંપરા શરૂ કરી છે. ફરી એકવાર બે ડેપ્યુટી સીએમ નિયુક્ત કરવાની ચર્ચા થઈ રહી છે, પરંતુ બંને ભાજપના બદલે એક ડેપ્યુટી સીએમ પદ માટે **LJP(R)** પણ દાવો કરી રહી છે. હાલ માટે, તેઓ કેમેરા સામે સીધુ બોલવાને બદલે શાંત સ્વરમાં બોલી રહ્યા છે. જોકે, જો નીતિશ કુમાર મુખ્યમંત્રી બને છે, તો ભાજપ નક્કી કરશે કે ડેપ્યુટી સીએમ કોણ હશે. પાછલી સરકારમાં, **JDU** ક્વોટામાંથી ૧૩ મંત્રીઓ હતા. શક્ય છે કે આમાંથી ૧૦ મંત્રીઓને નવી સરકારમાં ફરીથી નિયુક્ત કરવામાં આવે. પાર્ટી કેબિનેટમાં મોટા ફેરબદલના મૂડમાં નથી. અહેવાલ અનુસાર **JDU** ક્વોટામાંથી સંભવિત મંત્રીઓના ૧૦ નામોની યાદી છે. અહેવાલમાં કહ્યું છે કે **JDU**ના ક્વોટામાંથી ૧૧ મંત્રીઓની નિમણૂક થઈ શકે છે. પાછલી સરકારમાં ભાજપ ક્વોટામાંથી ૧૯ મંત્રીઓ હતા. તેમાં મોટા ફેરફારોના અહેવાલ છે. ડેપ્યુટી સીએમ વિજય સિંહાને બદલી શકાય છે. સમ્રાટ ચૌધરીને પણ બદલી શકાય છે, પરંતુ તેઓ ડેપ્યુટી સીએમ પદની રેસમાં રહે છે. મંગલ પાંડે અથવા રજનીશ કુમાર ડેપ્યુટી સીએમ બનવાની પણ ચર્ચા થઈ રહી છે. **JDU** ક્વોટામાંથી આ ધારાસભ્યો બની મંત્રી શકે છે જેમાં વિજય ચૌધરી, બિજેન્દ્ર યાદવ, શ્રવણકુમાર, અશોક ચૌધરી, લેસી સિંઘ, જમા ખાન, મદન સાહની, જયંત રાજ, મહેશ્વર હજારી, સંતોષ નિરાલા જયારે ભાજપમાંથી સમ્રાટ ચૌધરી. નીતિન નવીન, મંગલ પાંડે, રામકૃપાલ યાદવ, રજનીશ કુમાર મંત્રી બની શકે છે. જયારે એલજેપીમાંથી ૪ અને અન્ય સાથી પક્ષોમાંથી ૧-૧ મંત્રી બની શકે છે. નીતિશ કુમાર સરકાર ૧૭ નવેમ્બરના રોજ તેની અંતિમ કેબિનેટ બેઠક યોજશે. તે વિધાનસભા ભંગ કરવાની ભલામણ કરશે. ત્યારબાદ, તે નવી સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે.



નવી સરકાર ૧૮ થી ૨૦ નવેમ્બરની વચ્ચે શપથ ગ્રહણ કરે તેવી અપેક્ષા છે. આ દરમિયાન, **JDU**ના રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ સંજય કુમાર ઝા અને કેન્દ્રીય મંત્રી લલ્લન સિંહ શનિવારે રાત્રે દિલ્હી પહોંચ્યા હતા. તેમણે ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના અનેક વરિષ્ઠ નેતાઓ સાથે વાત કરી હતી. આ પહેલા, બંને **JDU** નેતાઓએ પટણામાં મુખ્યમંત્રી સાથે વાત કરી હતી. આ દરમિયાન ભાજપના નેતાઓએ એક બેઠક પણ યોજી હતી.


## બીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. સમજુબેન બાબુભાઈ ચોવટીયા**
તા.૧૭-૧૧-૨૦૨૩, શુક્રવાર, (ગામઃ અમરેલી)

**વ્હાલી 'માં'**

વર્ષો આવશે અને વિતિ જશે, સ્મરણો અમારા હૃદયમાં ભૂતકાળ બનીને નહી પરંતુ સ્મરણીય બનીને સદાય અમર રહેશે.
હયાતીનો અહેસાસ હજુય લાગે છે. આપના કર્મના સિધ્ધાંત દ્વારા અમારા જીવનમાં હંમેશા દીપકની માફક પ્રકાશ ફેલાતો રહ્યો છે.
આપના દિવ્ય આત્માને શ્રી સ્વામિનારાયણ ભગવાન શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લી....

મુકેશકુમાર બાબુભાઈ ચોવટીયા — સોનલબેન મુકેશકુમાર ચોવટીયા
સંજયકુમાર બાબુભાઈ ચોવટીયા — રીનાબેન સંજયકુમાર ચોવટીયા
મુકેશકુમાર અમૃતલાલ કોટડીયા — મનિષાબેન મુકેશકુમાર કોટડીયા
જયંતિભાઈ દુદાભાઈ ચોવટીયા — કિશોરભાઈ ગોરધનભાઈ ચોવટીયા
ગૌરાંગભાઈ રમેશભાઈ ચોવટીયા
સલોની, ચાર્મી, દેવર્ષી, વર્ષિલ, વેદાંતિ, યશ્વી, માહિર
**ચોવટીયા પરિવારના જય સ્વામિનારાયણ**

**સ્વસ્તિક એજન્સી - પટેલ બ્રધર્સ - વિકાસ એજન્સી**



## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ
### શ્રદ્ધાંજલિ



**સ્વ.પાવન કિશોરભાઈ પટેલ (ભાયાણી) સ્વ.તા.૧૭-૧૧-૨૦૨૪**

દિવસ પછી દિવસ રાત પછી રાત મહિના પછી મહિનો એમ એક વર્ષ વિતવા છતા અમ વચ્ચે તુ નથી પણ તારી યાદરૂપી અહેસાસ અમને સતત સતાવ્યા કરે છે. એજ અહેસાસ અમને રડાવ્યા કરે છે. મન હજુ માનવા તૈયાર નથી. બસ તારી યાદજ અમને આવ્યા કરે છે. પણ શુ કરીએ પામર માનવી છીએ ઈશ્વર આગળ અમે લાચાર છીએ......
ઈશ્વર તારા દિવ્ય આત્માને શાંતી અર્પે એજ પ્રાર્થના....

લી.

ભરતભાઈ દેવચંદભાઈ ભાયાણી — કિશોરભાઈ દેવચંદભાઈ પટેલ (ભાયાણી) — ભગવાનભાઈ કેશવભાઈ ભાયાણી
નિતિન ભરતભાઈ ભાયાણી — અરવિંદાબેન કિશોરભાઈ પટેલ — મહેશભાઈ ભગવાનભાઈ ભાયાણી
લક્ષ્ય મહેશભાઈ ભાયાણી — ખુશ્બુ પિયુષકુમાર ગોંડલીયા — કિરીટભાઈ ભગવાનભાઈ ભાયાણી
કાળુભાઈ શંભુભાઈ માલાણી — જેરામભાઈ ખોડાભાઈ શેલડિયા — સંજયભાઈ ત્રિભોવનદાસ ગૌદાણી

**ભાયાણી પરિવાર**
**સર્જન કન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમિટેડ પરિવાર - રાજુલા**

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૧૭-૧૧-૨૦૨૫

### ઉર્જા અને કાયદો રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે

# અમરેલીના ખડ ખંભાળીયા ગામે વિવિધ વિકાસકામો હાથ ધરવામાં આવ્યા

અમરેલી,તા.૧૬

ઉર્જા અને કાયદો રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે અમરેલી તાલુકાના ખડ ખંભાળીયા મુકામે વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું. ધારાસભ્યની ગ્રાન્ટમાંથી ગામતળ અને ચોક વિસ્તારમાં બ્લોક રોડ, ગામના તળાવ સુધીના બ્લોક રોડ અને ખાસ પછાત ખારાપાટ જોગવાઈ હેઠળ ભૂગર્ભ ગટર સહિતના અંદાજે રૂ. ૧૧ લાખથી વધુના ખર્ચે વિવિધ વિકાસકાર્યો ત્વરાએ કરવામાં આવશે. આ વિકાસકામો થકી





ગ્રામ્ય કક્ષાએ લોકોને બ્લોક રોડ સહિતની સુવિધાઓ પ્રાપ્ત થશે. રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું કે, શહેરની સાથે ગ્રામ્ય વિસ્તારોમાં પણ વિવિધ વિકાસકામો સતત અને અવિરત શરૂ રહેશે. ઉલ્લેખનીય છે કે, ગ્રામ્ય કક્ષાએ લોકોને સારા રોડ રસ્તા ઉપરાંત ભૂગર્ભ ગટરના વિવિધ કામો થકી લોકોની સગવડતામાં વધારો થશે. અમરેલી તાલુકાના ખડ ખંભાળીયા મુકામે વિવિધ વિકાસકામોના ખાતમુહૂર્ત પ્રસંગે સરપંચ પ્રતાપભાઈ વાળા, ગ્રામ પંચાયત સભ્યો, ગામના આગેવાનો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### રૂ. ૧૧ લાખથી વધુના ખર્ચે વિવિધ વિકાસકાર્યો તાત્કાલિક કરાશે

# અરજણસુખ ગામે હત્યા કેસના આરોપીઓનું રી-કન્સ્ટ્રક્શન: તમામ ૧૦ શખ્સોની ધરપકડ

વડિયા, તા.૧૬

વડિયા તાલુકાના અરજણસુખ ગામે ચાર દિવસ પહેલાં થયેલી વૃદ્ધ દિનેશભાઈ સોલંકી (ઉં. ૬૦)ની ક્રુર હત્યા કેસમાં ઝડપાયેલા ૧૦ આરોપીઓનું ઘટના સ્થળે રી-કન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું. વડિયા ઈન્ચાર્જ પીઆઈ કે.એસ. ડાંગર અને અમરેલી LCBની



ટીમે ત્વરિત કાર્યવાહી કરીને તમામ આરોપીઓને પકડી પાડ્યા હતા. વ્યક્તિગત અદાવતમાંથી બનેલી આ ઘટનામાં પાંચ સાળા અને પાંચ અજાણ્યા શખ્સોએ મોડી રાત્રે બે કારમાં આવી વૃદ્ધ પર હુમલો કરી પગ કાપી નાખ્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા દિનેશભાઈનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. પોલીસ દ્વારા આરોપીઓથી સમગ્ર બનાવની વિગતો મેળવી રી-કન્સ્ટ્રક્શન કરાયું હતું. ઘટનાની વધુ તપાસ વડિયા પોલીસે હાથ ધરી છે.

# ધારીમાં વહીવટી તંત્ર દ્વારા સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે યુનિટી માર્ચ યોજાઈ

ધારી, તા.૧૬

ધારીમાં વહીવટી તંત્ર દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે યુનિટી માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે વહીવટી તંત્રના દરેક અધિકારીઓ અને રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. વીરપુર ખાતે સરદાર



વલ્લભભાઈ પટેલનું સ્ટેચ્યુ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વીરપુરથી યુનિટી માર્ચ માધુપુર પહોંચી હતી અને ત્યાં પણ બસ સ્ટેન્ડનું લોકાર્પણ કરવા આવ્યું હતું. ખીચા ગામે બ્લડ ડોનેશન કેમ્પ પણ યોજાયો હતો. આ યુનિટી માર્ચમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય જે.વી કાકડીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# ચલાલાની સ્ટેટ બેંક દ્વારા સરકારી શાળામાં કમ્પ્યુટરની ભેટ અપાઈ

ચલાલા, તા.૧૬

ચલાલામાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા સરકારી શાળાના વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરનું જ્ઞાન મળી રહે તેવા હેતુથી શાક માર્કેટ સામે આવેલ પ્રાથમિક કન્યા શાળા અને પાણીયાદેવ ગામની સરકારી પ્રાથમિક શાળામાં કમ્પ્યુટરની ભેટ આપવામાં આવી હતી. બેંકના અધિકારી દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક ઉદ્‌બોધન કરવામાં




આવ્યું હતું. આ તકે RBOના વડા AGM પરેશ પારીખ, HR મેનેજર કેશવસિંહ, ચલાલા Sbi મેનેજર ચંદનકુમાર, CSP અલ્પેશ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. ચલાલા પ્રાથમિક કન્યા શાળાના આચાર્ય ભગીરથભાઈ ગોહિલ અને પાણીયાદેવ પ્રાથમિક શાળાના આચાર્ય જીતુભાઈ મહેતાએ બેંક મેનેજમેન્ટનો આભાર માન્યો હતો.

# લીલીયા તાલુકા ભાજપ પરિવારનું સ્નેહમિલન ક્રાંકચ ખાતે યોજાયું

લીલીયા મોટા, તા.૧૬

લીલીયા મોટાના ક્રાંકચ ખાતે જિલ્લા પંચાયત સીટનો સ્નેહમિલન કાર્યક્રમ વિપુલભાઈ મગનભાઈ દુધાતના નિવાસ્થાને યોજાયો હતો, જેમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, અશ્વિનભાઈ સાવલિયા, મનીષભાઈ સંઘાણી, શરદભાઈ પંડ્યા, મેહુલભાઈ ધોરાજીયા સહિત જિલ્લા ભરના ભાજપ આગેવાનો અને કાર્યકરોની વિશાળ ઉપસ્થિતિ રહી હતી. આ સ્નેહમિલન કાર્યક્રમમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા વિસ્તારની જનતા માટે થયેલા વિકાસ કામોને યાદ કરી કાર્યકરોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે બિહારમાં એનડીએને મળેલ સ્પષ્ટ બહુમતી અને બિહારની જનતાના આશીર્વાદનો ઉલ્લેખ કરીને આવનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કાર્યકરોને 'બિહાર વાળી' કરવાનું કહેતા કાર્યકરોએ ઉત્સાહથી આ વાતને



વધાવી લીધી હતી. સાંસદ ભરતભાઈ સુતરીયાએ સરકારની વિવિધ યોજનાઓનો લાભ લોકો સુધી અને ઘર ઘર સુધી પહોંચાડવા માટેનું આહ્‌વાન કર્યું હતું. તેમણે ખાસ કરીને લીલયાના જટિલ પ્રશ્ન સમા લીલીયા-પીપળવા રોડ પર આવેલ રેલવે ફાટક અંગે વાત કરી હતી. તેમણે ખાતરી આપી હતી કે, લીલીયાની જનતાને પડતી પારાવાર મુશ્કેલીને હલ કરવા માટે આવનારા દિવસોમાં અંડરબ્રિજ માટેની મંજૂરી થોડા મહિનાઓમાં મળી જશે. આ પ્રશ્ન અંગે કેન્દ્ર સરકાર તથા ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે. આ તકે તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ, મહામંત્રી ગૌતમભાઈ વિછીયા, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાત, ડાયમંડ એસોસિએશન પ્રમુખ ભુપતભાઈ ધામત, બાબુભાઈ ધામત, અરૂણભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

### વાહનવ્યવહારને સુગમ બનાવવા માટે ૯.૫૭ કરોડના ખર્ચે સી.સી.રોડ બનશે

# કુંકાવાવથી દેરડી તરફ જતા હાઈ-વે માર્ગ સુધારણાની કામગીરી ઝડપી બની

અમરેલી,તા.૧૬

અમરેલી જિલ્લાના કુંકાવાવ ગામ તથા કુંકાવાવથી દેરડી તરફ જતા સ્ટેટ હાઈ-વે માર્ગ સુધારણા અને નવીનીકરણની કામગીરી ઝડપભેર આગળ ધપી રહી છે. કુંકાવાવ ગામ તથા આજુબાજુના વિસ્તારોમાં વાહનવ્યવહારને વધુ સુગમ બનાવવા માટે અંદાજે કુલ



રૂ. ૯.૫૭ કરોડના ખર્ચે નવા સી.સી.રોડનું નિર્માણ તથા ખરાબ થયેલ ડામર રોડ પર રિસરફેસીંગનું કામ હાથ ધરવામાં આવ્યું છે, જે હવે પૂર્ણતા તરફ છે. આ કામગીરી ટૂંક સમયમાં પૂર્ણ થયેથી કુંકાવાવ સહિતના આસપાસના ગામોમાં નવી રોડ સુવિધાના લીધે પરિવહન સુવિધા વધુ આરામદાયક અને સુરક્ષિત બનશે. ઉપરાંત વરસાદી ઋતુમાં પાણી ભરાવાની સમસ્યાનો ઉકેલ પણ આવશે તેમ જ વાહન વ્યવહારમાં સરળતા આવશે. વેપાર તથા કૃષિ સંબંધિત માલસામાનની હેરફેર માટે

**વેપાર તથા કૃષિ સંબંધિત માલસામાનની હેરફેર માટે પણ આ નવો માર્ગ મહત્વપૂર્ણ સાબિત થશે**

પણ આ નવો માર્ગ મહત્વપૂર્ણ સાબિત થશે. શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, દૈનિક મુસાફરી કરતા લોકો તથા ઈમરજન્સી સેવાઓ (જેમ કે એમ્બ્યુલન્સ, ફાયર સેવા) વધુ ઝડપી બનશે.

# રાજુલામાં મતદારયાદી સુધારણા કાર્યક્રમમાં નાયબ કલેક્ટરની મુલાકાત

રાજુલા, તા.૧૬

રાજુલામાં ચાલી રહેલા એસ.આઈ.આર. મતદાન સધન સુધારણા કાર્યક્રમ દરમિયાન નાયબ કલેક્ટર ડો. મેહુલ કુમાર બરાસરાએ કેમ્પ મથકે મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરી હતી. દરેક બુથના BLO ઘરેઘરે ફોર્મ વિતરીત કરી શનિવાર–રવિવારે પરત લેવાની કામગીરી કરી રહ્યા છે. નવી મતદારયાદી


તસવીર : ગોપાલ રાઠોડ

માટે નાગરિકોને જાગૃત કરવા તંત્ર પ્રયત્નશીલ છે. મૃત્યુ પામેલા મતદારોના નામ કાઢવાની પ્રક્રિયા પણ ઝડપી ગતિએ ચાલી રહી છે. ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા યોજાયેલી બેઠકમાં બુથ કમિટીઓ, જિલ્લા–તાલુકા સભ્યો અને કાર્યકરો હાજર રહ્યા હતા.









## શેત્રુંજી ડિવિઝનમાં આરએફઓ, ડીસીએફની ખાલી જગ્યા ભરવા માંગ ઉઠી

# મોટા આગરીયા ગામે સિંહોના ટોળાએ ગૌવંશનું મારણ કર્યું

અમરેલી,તા.૧૬

રાજુલા તાલુકાના મોટા આગરીયા ગામમાં રાત્રે સિંહોનું એક ટોળું આવી પહોંચ્યું હતું. સિંહોએ રેઢિયાળ વાછરડીનું મારણ કર્યા બાદ પશુઓ અને શ્વાનો પાછળ દોડ લગાવતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. સિંહોનું આ ટોળું રાજુલા-સાવરકુંડલા હાઈવે સુધી પહોંચ્યું હતું, જ્યાં સિંહોને જોઈને વાહનચાલકો ચોંકી ઉઠ્યા હતા અને પોતાના વાહનો થંભાવી દેવા પડ્યા હતા. સિંહોની આ લટારને કારણે મોટા આગરીયા ગામ સહિત આસપાસના વિસ્તારોના સ્થાનિક લોકોમાં ગભરાટ અને ભયનો માહોલ છવાઈ ગયો છે. આ અંગે સ્થાનિકોએ જણાવ્યું



હતું કે, સિંહો વારંવાર ગામમાં ઘૂસી આવે છે અને રેઢિયાળ પશુઓનું મારણ કરે છે. આ બાબતે વનઅધિકારીઓને અનેકવાર રજૂઆત કરવા છતાં કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી. વનખાતાની ઢીલી કામગીરીને કારણે ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે.

**સિંહો વારંવાર ગામમાં ઘૂસી આવતા હોવાની ગ્રામજનોએ ફરિયાદ કરી પણ વનખાતાની ઢીલી કામગીરી**

### સિંહોની સંખ્યા વધી તેમ હુમલાઓ પણ વધ્યા

અમરેલી જિલ્લામાં છેલ્લી સિંહ ગણતરી મુજબ સિંહોની સંખ્યામાં વધારો થયો છે. સિંહોની સંખ્યા વધતા હવે સિંહો જંગલ વિસ્તાર છોડી ગ્રામ્ય વિસ્તારોમાં શિકારની શોધમાં આવી ચડે છે. જેમાં ખાસ કરીને રેઢિયાળ ગાયો સિંહોનો શિકાર બને છે. જો સિંહોને જંગલ વિસ્તારમાં રાખવામાં નહી આવે તો આવનારા સમયમાં સિંહો શહેરી વિસ્તારમાં પણ આવી ચડે તેવી શક્યતા રહેલી છે.

### આરએફઓ અને ડીસીએફની જગ્યા ખાલી : સરપંચ

રાજુલાના મોટા આગરીયાની આસપાસ સિંહોની મોટા પ્રમાણમાં વસ્તી જોવા મળી રહી છે. સિંહો શિકારની શોધમાં છાશવારે ગ્રામ્ય વિસ્તારોમાં ઘૂસી આવી પશુઓનું મારણ કરતા હોય છે. આ બાબતે સરપંચે જણાવ્યું હતું કે, સિંહોની આટલી વસ્તી હોવા છતાં વનખાતાના ડીસીએફ અને આરએફઓની જગ્યા ખાલી છે. આ બાબતે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવા છતાં કોઈ કામગીરી કરવામાં આવતી નથી. જેથી ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે.

# જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ

અમરેલી,તા.૧૫

અમરેલી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અમરેલી જિલ્લાના સાવરકુંડલા-લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને ધારી-બગસરા-ખાંભા મતવિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડીયાની ઉપસ્થિતિમાં તેમના પ્રશ્નોનું જિલ્લા કલેક્ટરના માર્ગદર્શનમાં હકારાત્મક નિવારણ આવ્યું હતું.જિલ્લા કલેક્ટરે વિવિધ વિભાગોને જનપ્રતિધિઓના પ્રશ્નોના નિવારણ માટે માર્ગદર્શન આપી દિશા-નિર્દેશ આપ્યા હતા. આ બેઠકમાં સાવરકુંડલા-લીલીયા મતવિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ વર્તમાનમાં રાજ્ય સરકાર દ્વારા થઈ રહેલી ટેકાની ખરીદીના કેન્દ્રો પર ખરીદી



માટે જરૂરી જણસના વજન અંગેની તમામ વિગતોનું એક માર્ગદર્શક બેનર મૂકવામાં આવે તેવું સૂચન કર્યુ હતું. જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને યોજાયેલી જિલ્લા રાસાયણિક ખાતર વિતરણ સમિતિની બેઠકમાં નાયબ ખેતી નિયામક વિસ્તરણ પીપળીયાએ જિલ્લામાં ઉપલબ્ધ રાસાયણિક ખાતરના જથ્થા અંગે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે જિલ્લામાં યુરિયાનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. ડી.એ.પી અને તેના સમકક્ષ એન.પી.કે.ના પોષક તત્વો અંગે ખેડૂતોમાં જાગૃતિ પ્રસરાવવામાં આવી હતી.

# અમરેલીમાં પતિને સરખી રીતે નોકરી નહી કરવા દેવાની ધમકી આપી પરિણીતા પર બળાત્કાર

અમરેલી, તા. ૧૬

અમરેલી શહેરમાં એક સનસનાટીભર્યો બનાવ સામે આવ્યો હતો, જ્યાં એક પરિણીત મહિલાએ તેના પતિના સહકર્મી સામે બળાત્કાર અને ખંડણીની ફરિયાદ નોંધાવી હતી. આરોપીએ મહિલાના પતિની નોકરી અને નાણાકીય વ્યવહારનો લાભ ઉઠાવીને આ ગુનો આચર્યો હતો બનાવ અંગે પરિણીતાએ લાલાવદર ગામના દેવરાજભાઇ ભવાનભાઇ માધડ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે પીડિતાના પતિ અને આરોપી બંને અમરેલીની કલરવ હોસ્પિટલમાં સાથે નોકરી કરે છે. આ સંબંધના આધારે આરોપીએ પીડિતાનો મોબાઈલ નંબર મેળવ્યો હતો. આરોપી પીડિતાને તેની સાથે વાત કરવા માટે સતત દબાણ કરતો હતો. જો પીડિતા વાત કરવાની ના પાડે તો, તે તેના પતિને હોસ્પિટલમાં સરખી રીતે નોકરી નહીં કરવા દેવાની અને હેરાન કરવાની ધમકી આપતો હતો. આ ઘટના દરમિયાન, પીડિતાના પતિએ કલરવ હોસ્પિટલમાંથી કેટલાક પૈસાનો ઉપાડ કર્યો હતો, જેની જાણ આરોપીને હતી. આ વાતનો લાભ લઈને આરોપી ગેરકાયદેસર રીતે પીડિતાના ઘરમાં પ્રવેશ્યો હતો અને તેની પાસે તે ઉપાડ કરેલા પૈસાની માંગણી કરી હતી. જ્યારે પીડિતાએ પૈસા આપવાની ના પાડી, ત્યારે આરોપીએ તેની સાથે બળજબરી કરીને બળાત્કાર ગુજાર્યો હતો. બળાત્કાર બાદ, આરોપીની બીક લાગવાથી પીડિતાએ તેના પતિએ કરેલા ઉપાડના રૂપિયા ૩૭,૦૦૦ આરોપીને આપી દીધા હતા. આરોપીએ બળજબરીપૂર્વક આ રકમ કઢાવી લીધી હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. આ સમગ્ર મામલે પોલીસે પીડિતાની ફરિયાદના આધારે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# કૃષિ સહાય પેકેજમાં નાના ખેડૂતો અને મૃતક ખેડૂતોના વારસદારોનો સમાવેશ કરવા કોંગ્રેસની માગણી

અમરેલી,તા.૧૬

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર પાઠવીને માગણી કરી છે કે, કૃષિ સહાય પેકેજમાં નાના ખેડૂતો અને અવસાન પામેલા ખેડૂતોના વારસદારોનો સમાવેશ કરવામાં આવે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, તાજેતરમાં પડેલા કમોસમી વરસાદને કારણે રાજ્યના ખેડૂતોને વ્યાપક નુકસાન થયું છે. આથી સહાય પેકેજની અમલ પ્રક્રિયામાં બે હેક્ટરમાં ૪૪૦૦૦ નક્કી કરવામાં આવેલ છે, ત્યારે દોઢ હેક્ટર અને બે હેક્ટરથી ઓછી જમીન ધરાવતા ખેડૂત ખાતેદારોના અલગ અલગ ખાતા



હોય તેવા ખેડૂતોના ખાતાને આવરી બે હેક્ટરની મર્યાદામાં સહાય ચુકવવામાં આવે. આ ઉપરાંત તાજેતરમાં અવસાન પામેલ એવા ખાતેદાર ખેડૂતોના વારસદારોએ વારસાઈ કરવાની બાકી હોય, તેવા તમામ ખેડૂત ખાતેદારોનો પણ સમાવેશ કરવામાં આવે કેમ કે ખેતીનો બોજો તથા આર્થિક મુશ્કેલીઓ વારસદારો પર જ આવે છે. તેથી આવા લાભાર્થીઓને સહાયમાંથી વંચિત નહી રાખવા ખાસ અનુરોધ પણ કરેલ છે. તમામ નાના ખેડૂતો તથા અવસાન પામેલ ખાતેદારોના કાનૂની વારસદારોનો વર્ષ ૨૦૨૫ના સહાય પેકેજમાં તાત્કાલિક સમાવેશ કરી તેમને યોગ્ય વળતર આપવામાં આવે, જેથી તેઓ આ કુદરતી આપત્તિમાંથી બહાર આવી શકે.

**કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલને પત્ર પાઠવીને માગણી કરી**

# રાજુલામાં સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે યુનિટી માર્ચ યોજાશે

અમરેલી,તા.૧૫

લોહપુરુષ અને દેશના મહાન ઘડવૈયા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિના અવસરે ૯૮- રાજુલા વિધાનસભા મતવિસ્તારની સરદાર@૧૫૦ અંતર્ગત યુનિટી માર્ચ પદયાત્રા તા.૧૭-૧૧-૨૦૨૫ના રોજ યોજાશે. રાજ્યમાં વિધાનસભા વિસ્તારવાર યોજાતી આ યુનિટી માર્ચ પદયાત્રા રાજુલા શહેરમાં સવારે ૮ કલાકે ડો. બાબા સાહેબ આંબેડકર સર્કલથી પ્રસ્થાન કરી, શહીદ ચોક, સરસ્વતી સ્કૂલ, ૐ લકુલીશ સ્કૂલ, છતડીયા ગામ, હિંડોરણા (R&B સ્ટેટ ઓફિસ)ના રૂટ પર ફરીને બાલક્રિષ્ના સ્કૂલ ખાતે પદયાત્રાનું સમાપન થશે. આ પદયાત્રામાં રાજુલાના નગરજનો સહિતના નાગરિકોને સહભાગી બનવા માટે વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.


શું તમને સાંભળવાની તકલીફ છે ?

- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે

સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

અવતાર

સ્પીચ અને હિયરીંગ ક્લિનીક

ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


## અવસાન નોંધ

**સાવરકુંડલા**

શૈલેષભાઈ મુકુંદભાઈ હરસોરા (ઉ.વ. ૪૩)નું તા. ૧૪/૧૧/૨૦૨૫ને શુક્રવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે ભાવેશભાઈ હરસોરાના ભાઈ તથા હેમાંગ શૈલેષભાઈ હરસોરાના પિતાશ્રી થાય છે. સદગતનું બેસણું (સાદડી) તા.૧૭/૧૧/૨૫ને સોમવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર, (શુકલદાદાનું મંદિર) આનંદ આશ્રમની સામે, શિવાજી નગર સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**રાજકોટ**

જમનભાઈ મોરારજીભાઈ રાયચુરા (ઉ.વ.૭૦)નું તા. ૧૫ના અવસાન થયું છે. તે ગૌ.વા.મોરારજીભાઈ ગોપાલદાસ રાયચુરાનાં પુત્ર, હસમુખભાઈ, બિંદિયાબેનનાં પિતા તથા નવલભાઈ, જીવનભાઈ, ધનસુખભાઈ, મનહરભાઈ, વનીતાબેન, રંજનબેન, સોનલબેનનાં મોટાભાઈ અને વિરેન્દ્રભાઈ કીર્તિભાઈ લાખાણીનાં સસરા તેમજ જીવનલાલ કાકુભાઈ ઉનડકટના જમાઈ થાય છે. પ્રાર્થનાસભા-પિયરપક્ષની સાદડી તા.૧૭ને સોમવારે ૪ થી ૫.૩૦ કલાકે રંભામાની વાડી, ગેટ નં.૪, વલ્લભાશ્રય હવેલીની સામે, શીતલ પાર્ક, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.



BLUE BUDDHA
END OF SEASON SALE
BUY 1@30% OFF
BUY 3@40% OFF
BUY 4@50% OFF
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર
■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ: અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.



GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો

ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

સંજય ટાયર્સ

બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.

લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


### મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. લાઠી

**કેસ નં.જન્મ-મરણ પરચુરણ અરજ ૧૨૬/૨૦૨૫**

અરજદાર : - ભગવાનભાઈ મનજીભાઈ કાસોદરીયા,
રે.મુ. દામનગર, તા.લાઠી,

**-: વિરૂધ્ધ :-**

સામાવાળા : - જન્મ-મરણ નોંધણી અધિકારી, નગર પાલીકા કચેરી
મુ.દામનગર, તા.લાઠી, જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી જીલ્લાનાં લાઠી તાલુકાનાં દામનગર ગામના રહીશ અરજદારનાં પુત્રી હર્ષાબેન ભગવાનભાઈ કાસોદરીયાનો જન્મ મોજે દામનગર,તા.લાઠી ગામે તા.૦૧/૦૬/૧૯૭૫નાં રોજ થયેલ હોવાની જન્મ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે. તો આ કામનાં સામાવાળા દ્વારા જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઈને વાંધો તકરાર કે હરકત હોય, તેઓએ તેમનાં મુખત્યાર મારફતે કે જાતે અત્રેની કોર્ટમાં મુદત તા.૧૫/૧૨/૨૦૨૫ના રોજ ૩-૦૦ ક્લાકે વાંધા તકરાર સાથે ઉપસ્થીત રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**

**તારીખ :-૧૩/૧૧/૨૦૨૫**
**લાઠી.**

કોર્ટનો સિક્કો

### મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં

**-:જાહેર નોટીસ:-**

નં.જન્મ-મરણ નોંધણી/અરજી નં.૭૧/૨૦૨૫

**અરજદારશ્રી:-** શ્રી ગંગાબેન વશરામભાઈ પાઘડાળ,
રે. નાજાપુર, તા.વડીયા, જી.અમરેલી
**મો.- ૯૯૭૯૩ ૧૧૦૦૫**

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. તલાટી કમ મંત્રીશ્રી નાજાપુર, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે,અરજદારશ્રી ગંગાબેન વશરામભાઈ પાઘડાળએ તેમના પુત્ર બાઘાભાઈનો જન્મ તા.૧૧/૦૪/૧૯૭૨ ના રોજ મુ.નાજાપુર, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૧૨/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી,**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા**

### મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં

**-:જાહેર નોટીસ:-**

નં.જન્મ-મરણ નોંધણી/અરજી નં.૭૨/૨૦૨૫

**અરજદારશ્રી:-** શ્રી બાબુભાઈ ઘુસાભાઈ ગજેરા,
રે. સનાળી, તા.વડીયા, જી.અમરેલી
**મો.- ૯૯૭૯૩ ૧૧૦૦૫**

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. તલાટી કમ મંત્રીશ્રી સનાળી, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે,અરજદારશ્રી બાબુભાઈ ઘુસાભાઈ ગજેરાએ તેમની પુત્રી મનીષાબેનનો જન્મ તા.૦૧/૦૧/૧૯૮૯ ના રોજ મુ.સનાળી, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૧૨/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી,**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા**

### મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં

**-:જાહેર નોટીસ:-**

નં.જન્મ-મરણ નોંધણી/અરજી નં.૭૦/૨૦૨૫

**અરજદારશ્રી:-** શ્રી સુરાભાઈ જીવાભાઈ શિરોળીયા,
રે. સનાળી, તા.વડીયા, જી.અમરેલી
**મો.- ૯૯૭૯૩ ૧૧૦૦૫**

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. તલાટી કમ મંત્રીશ્રી સનાળી, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે,અરજદારશ્રી સુરાભાઈ જીવાભાઈ શિરોળીયાએ તેમના પુત્ર વશરામભાઈનો જન્મ તા.૦૧/૦૫/૧૯૭૫ ના રોજ મુ.સનાળી, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૧૨/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી,**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા**

# અમરેલીમાં વિદ્યાસભા સંકુલ ખાતે ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ ઉજવાઈ

અમરેલી,તા.૧૬

અમરેલી સ્થિત વિદ્યાસભા સંકુલ ખાતે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે સાંસદ ભરતભાઈ સુતરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન રૂ. ૮૨.૮૫ લાખના ઈ-લોકાર્પણ અને રૂ. ૬૭.૧૫ લાખના ઈ-ખાતમુહૂર્ત સહિત કુલ રૂ. ૧.૫૦ કરોડના વિવિધ વિકાસકામોની ભેટ જિલ્લાને મળી છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અન્વયે લાભાર્થીઓને આયુષ્માન કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. ડો. આંબેડકર આવાસ યોજના અને પંડિત દિનદયાળ આવાસ યોજનાના લાભાર્થીઓને મંજૂરી હુકમો પણ એનાયત કરવામાં આવ્યા હતા. આ વેળાએ આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત અમરેલી દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો હતો. ઉપરાંત વિદ્યાસભા ડિસ્ટ્રીક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલના આદિજાતિ સમાજના શ્રેષ્ઠ



રમતવીરો, તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રશસ્તિપત્ર, મોમેન્ટો અર્પણ કરીને તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા. સાંસદ ભરતભાઈ સુતરીયાએ સંબોધન કરતા જણાવ્યું કે, જળ, જંગલ અને જમીન બચાવવા અને પોતાની અસ્મિતાના રક્ષણ માટે ભગવાન બિરસા મુંડાજીએ નાની ઉંમરમાં અંગ્રેજો સામે લડાઈ લડી હતી. તેમની લડાઈ એટલી પ્રચંડ હતી કે, અંગ્રેજોએ જળ, જંગલ અને જમીન ઉપરાંત આદિજાતિના હક્કો અને અધિકારો માટે નીતિ ઘડવાની ફરજ પડી હતી. વધુમાં ઉમેર્યું કે, ભગવાન બિરસા મુંડાજી 'ધરતી આબા'નો ગૌરવવંતો વિરલ ઈતિહાસ ભવિષ્યની અનેક પેઢીઓનું દિશાદર્શન કરશે. ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત જિલ્લાકક્ષા કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી સહિત હોદ્દેદારો, પદાધિકારીઓ, વિદ્યાસભા સંકુલ ટ્રસ્ટી ચતુરભાઈ, નિવાસી અધિક કલેક્ટર દિલિપસિંહ ગોહિલ, પ્રાંત અધિકારી મહેશ નાકીયા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ગોહિલ સહિતના અધિકારીઓ, કર્મચારીઓ, બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ, નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## આદિજાતિ સમાજના શ્રેષ્ઠ રમતવીરો, વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા

# જિલ્લામાં અકસ્માતનો વણથંભ્યો સિલસિલો: ત્રણ ઘટનામાં એકનું મોત

અમરેલી, તા.૧૬

અમરેલી જિલ્લામાં અકસ્માતનો સિલસિલો વણથંભ્યો રહ્યો હતો. ત્રણ ઘટનામાં એકનું મોત થયું હતું. હાલ સાવરકુંડલામાં રહેતા મૂળ દોલતી ગામના ભરતભાઈ ભીખાભાઈ પરમાર (ઉ.વ.૩૨) એ દોલતી ગામના સનેડાના ચાલક માધાભાઈ નાગજીભાઈ વિરાણી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા તેમના કાકા બાઈક લઈને દોલતી ગામમાં હનુમાનજી દાદાના મંદિર પાસેથી પસાર થતા હતા ત્યારે આરોપીએ ટક્કર મારી હતી. જેમાં તેમને બંનેને ઈજા થઈ હતી. અકસ્માત સર્જી ચાલક ફરાર થઈ ગયો હતો. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ બી. એસ. સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે. અકસ્માતના બીજા બનાવમાં સાવરકુંડલામાં રહેતા અને સેવાપૂજા કરતા શીવગીરી અમરગીરી કુવારડા (ઉ.વ.૪૮) એ જાહેર કર્યા મુજબ, તેમનો પુત્ર જયદીપ (ઉ.વ.૨૫) ચલાલાથી ગોપાલગ્રામ તરફ જતો હતો ત્યારે કાબુ ગુમાવતાં મોટરસાયકલ ખાળીયામાં ઉતરી ગયું હતું. જેના કારણે ગંભીર ઈજા થવાથી મોત થયું હતું. ચલાલા પોલીસ સ્ટેશનના એએસઆઈ માધવજીભાઈ લક્ષ્મણભાઈ ડાભી વધુ તપાસ કરી રહ્યા છે. અકસ્માતના ત્રીજા બનાવમાં મહુવામાં રહેતા જગદીશભાઈ માવજીભાઈ ભોજાણી (ઉ.વ.૪૨) એ ટ્રેકટર ચાલક સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, દાતરડી ગામના પુલ પાસેથી તેમની ફોર વ્હીલ લઈને પસાર થતા હતા ત્યારે આરોપીએ ટક્કર મારી હતી. જેમાં તેમને ઈજા થઈ હતી. તેમજ ટ્રેકટરની ટ્રોલીમાં બેસેલા વ્યક્તિઓને ઈજા પહોંચી હતી.

# સાવરકુંડલાના હાથસણી ગામે જૂના પ્રેમસંબંધના વહેમમાં યુવક પર હુમલો

સાવરકુંડલા, તા.૧૬

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના હાથસણી ગામે પ્રેમસંબંધના જૂના મનદુઃખ અને શંકા-વહેમના કારણે એક યુવક પર ચાર શખ્સો દ્વારા જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાનો બનાવ સામે આવ્યો હતો. બનાવ અંગે ધાર્મિકભાઈ લીંબાભાઈ કુડેચા (ઉ.વ.૨૦)એ પંકજભાઈ વિનુભાઈ માંજુસા, વિઠ્ઠલભાઈ લાખાભાઈ માંજુસા, સાગરભાઈ વિઠ્ઠલભાઈ માંજુસા તથા સંજયભાઈ વિઠ્ઠલભાઈ માંજુસા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી માહિતી મુજબ, તેમને અગાઉ પંકજભાઈ માંજુસાની પત્ની ગોપીબેન સાથે પ્રેમસંબંધ હતો. આ બાબતે આશરે દોઢેક વર્ષ પહેલાં બોલાચાલી થઈ હતી, જેનું મનદુઃખ હજી પણ આરોપીના મનમાં હતું. આરોપીને તે હજુ પણ ગોપીબેન સાથે વાતચીત કરે છે, તેવી આશંકા હતી. જેને લઈને તેણે અન્ય ત્રણ આરોપીઓ સાથે મળીને તેના પર હુમલો કર્યો હતો. કુહાડી વડે ડાબા પગના ઘૂંટણથી નીચેના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી. આ ઉપરાંત, માથાના ભાગે અને ડાબા હાથના ભાગે પણ મુંઢ ઈજાઓ પહોંચાડી હતી. જ્યારે, અન્ય આરોપીઓએ પણ ફરિયાદીને આડેધડ ઢીકા-પાટુનો મુંઢમાર માર્યો હતો. તમામ આરોપીઓએ સાથે મળીને ફરિયાદીને જેમ ફાવે તેમ ગાળો આપી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ રીતે તમામ આરોપીઓએ એકબીજાને મદદગારી કરીને ગુનો આચર્યો હતો. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એચ.પી. વેગડા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજનું વાર્ષિક સ્નેહમિલન યોજાયું

રાજુલા, તા.૧૬

રાજુલા શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજનું સ્નેહમિલન સમાજની વાડી ખાતે હર્ષોલ્લાસપૂર્વક યોજાયું. કાર્યક્રમનું આયોજન જય શામજીબાપુ યુવા ગ્રુપ રાજુલા દ્વારા કરવામાં આવ્યું, જેમાં સમાજના અગ્રણીઓ, કાર્યકર્તાઓ તથા સમગ્ર પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. સ્નેહમિલન



તસવીર : ગોપાલ રાઠોડ

દરમિયાન સમૂહલગ્નમાં વધુ લોકો જોડાય તે અંગે ચર્ચાઓ કરવામાં આવી અને સમાજના વિકાસને લગતા વિવિધ મુદ્દાઓ પર વિચારવિમર્શ થયો. કાર્યક્રમના અંતે અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવી હતી. ઉપસ્થિત તમામ મહેમાનોનો આભાર જય શામજીબાપુ યુવા ગ્રુપ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# લીલીયા તાલુકાના ગામોમાં મહેશ કસવાલા દ્વારા રૂ. ૩૦ કરોડના કામોનું ભૂમિપૂજન

લીલીયા,તા.૧૬

લીલીયા તાલુકાના અલગ અલગ ગામોમાં સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત સલડી ખાતે ૨૪ લાખ જેવી માતબર રકમના ખર્ચે પૂર સંરક્ષણ દિવાલના કામનું ભૂમિપૂજન કરાયું હતું. તેવી જ રીતે બોડીયા ખાતે ૪૮ લાખ જેવી માતબર રકમથી પૂર સંરક્ષણ દિવાલનું પણ ભૂમિપૂજન કરવામાં આવ્યું. ત્યારબાદ ખારા, પાંચ



તલાવડા, નાના કણકોટના પાટીયા સુધીના સાત મીટર પહોળાઈ વાળા રોડ અને વચ્ચે આવતા નાળા પુલિયાના નવીનીકરણ માટે રૂપિયા ૧૬ કરોડ જેવી મતબર રકમના કામનું ભૂમિપૂજન કરાયું હતું. ક્રાંકચ નજીક શેત્રુંજી નદી પર ક્રાંકચથી કેરાળા જવા માટે રૂપિયા ૧૪ કરોડના ખર્ચે નવા બનનાર બ્રિજનું ભૂમિપૂજન કરવામાં આવેલ. આ પુલનું નિર્માણ કાર્ય પૂર્ણ થતા ક્રાંકચથી અવારનવાર કેરાળા, સાવરકુંડલા, વંડા જનાર વાહનચાલકોને મોટો ફાયદો થશે. આ સાથે ક્રાંકચ ગામના ખેડૂતોની હજારો વીઘા ખેતીની જમીન શેત્રુંજી નદીના સામે કાંઠે આવેલ હોય તે ચોમાસા દરમિયાન પાણીની પુષ્કળ આવકના લીધે ખેડૂતને ખેતીકામો માટે જવામાં ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડતો બ્રિજ બન્યા બાદ સ્થાનિક ખેડૂતોને પણ મોટી રાહત મળશે. આ તકે તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ, મહામંત્રી ગૌતમભાઈ વિંછીયા, જીગ્નેશ ઝીંઝુવાડીયા, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, ચતુરભાઈ કાકડીયા ભનુભાઈ ડાભી, કાનજીભાઈ નાકરાણી, રાશિભાઈ ડેર, બાબુભાઈ ધામત, અરૂણભાઈ પટેલ, હિતેશ પરમાર, ધીરુભાઈ ખુમાણ, હસમુખ પોલરા, કિશોરભાઈ ગરાણીયા, પરેશ પહાડા, ભીખાભાઈ ધારૈયા સહિતના તાલુકા પંચાયત સદસ્યો, વિવિધ સેલ મોર્ચાના હોદ્દેદારો ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: તેરસ
તા. ૧૭-૧૧-૨૦૨૫, સોમવાર, સૂર્યોદય-૦૬:૪૬,
સૂર્યાસ્ત-૦૬:૦૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ચિત્રા

## દૈનિક રાશિફળ

તા.૧૭-૧૧-૨૦૨૫ સોમવાર

મેષ: આજે દિવસની શરૂઆતથી લાભની સંભાવના રહેશે. અન્ય દિવસો કરતા તમે આજે ક્ષેત્રમાં ઓછા કામ કરવાથી વધારે ફાયદા મેળવી શકશો.

વૃષભ: આજે તમારા ખર્ચમાં વધારો થઈ શકે છે. પરિવારમાં કોઈપણ બાબતે ચર્ચા થઈ શકે છે. આક્રમક વર્તનને કારણે પ્રિયજનો તમારી ચિંતા કરી શકે છે.

મિથુન: આજે મન એક સમયે બે કાર્યો માટે ભટકશે. વ્યક્તિગત અને ઘરેલુ મુદ્દાઓ તમારા માટે લાંબા સમયથી ચિંતાનો વિષય છે.

કર્ક: તમે તમારા જીવનસાથી સાથે સારો સમય વિતાવશો અને ભાઈઓની સહાયથી પારિવારિક વ્યવસાયમાં અનુકૂળ સ્થિતિ રહેશે.

સિંહ: આ દિવસે કામમાં અડચણ હોવાને કારણે મન અશાંત થઈ શકે છે. આજે તમારે અધૂરું કામ પૂર્ણ કરવું જોઈએ.

કન્યા: પરિવારમાં પ્રેમ અને ઉત્સાહનું વાતાવરણ રહેશે. પિતાના માર્ગદર્શનથી આર્થિક પ્રગતિ થશે. વારસામાં પિતાની સંપત્તિ મળવાની સંભાવના છે.

તુલા: આજે વિવાદ રહેશે. તમે તમારા ઘટેલા ભંડોળની ચિંતા કરી શકો છો. ઘણા પૈસા ખર્ચ કરવાથી તમારી જવાબદારી વધી શકે છે.

વૃશ્ચિક: આજનો દિવસ મિશ્રિત ફળદાયક રહેશે. કોઈ ઓળખાણ દ્વારા નફાની પરિસ્થિતિઓ બનાવવામાં આવશે. ક્ષેત્રમાં તમારા કાર્યની ગતિ થોડી ધીમી રહેશે,

ધન: આજનો દિવસ તમારા માટે અનુકૂળ છે. કોઈ એક જે કાર્યમાં જોડાશો તો અન્યની તુલનામાં ઝડપી સફળતા મેળવી શકે છે.

મકર: આજનો દિવસ તમારી તરફેણમાં રહેશે. તમારી છબી લોકોમાં સુધરશે. નોકરીઓ ધરાવતા લોકો વધારાની આવક કરવામાં ચાલાકી કરશે.

કુંભ: લાંબા સમય પછી તમે આજે રાહત અને ખુશીનો અનુભવ કરશો. તબિયત ધીરે ધીરે સુધરશે, પરંતુ પરિવારના સભ્યોએ ગીચ સ્થળોએ જવાનું ટાળવુ જોઈએ.

મીન: આ દિવસે સુખ અને શાંતિ વધશે. તમને કોઈપણ કાયદાકીય વિવાદ અથવા અન્ય પ્રકારના કોર્ટ-કેસોથી આઝાદી મળશે.

# રાજુલામાં પરિણીતાને કરિયાવર મુદ્દે કનડગત

રાજુલા, તા.૧૬

રાજુલામાં પરિણીતાને કરિયાવર મુદ્દે કનડગત કરવામાં આવી હતી. આ અંગે મનીષાબેન શૈલેષભાઈ જોગદીયા (ઉ.વ.૩૪) એ પતિ શૈલેષભાઈ નાનજીભાઈ જોગદીયા, નાનજીભાઈ કાનભાઈ જોગદીયા, સોનલબેન નાનજીભાઈ જોગદીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીઓ અવારનવાર મેણાટોણા મારી ગાળો આપતા હતા. તેમજ દુઃખ ત્રાસ આપી મારકૂટ કરી હતી. ઉપરાંત જાનથી મારવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પ્રકાશભાઈ શામજીભાઈ વધુ તપાસ કરી રહ્યા છે. ફરિયાદ મુજબ, ઘરકંકાસના કારણે આશરે છ મહિના પહેલાં તેઓ પોતાના ઘરેથી અલગ રહેવા જતા રહ્યા હતા. તેઓ અને સાહેદ પોતાનો ઘરનો સામાન લેવા માટે તેમના મૂળ ગામ મેમદા ખાતે આવ્યા હતા. તેમનું આ રીતે ઘરે આવવું તેમના સસરા અને દિયરને પસંદ આવ્યું નહોતું. આથી, બંને આરોપીઓએ તેમને અને સાહેદને જેમ ફાવે તેમ ગાળો આપવાનું શરૂ કર્યું હતું. ત્યાર બાદ, આરોપીઓ લોખંડનો પાઈપ લઈને તેમને મારવા માટે ધસી આવ્યા હતા. જોકે તેઓ સમયસર ઘરમાં જતા રહેતા લોખંડનો પાઈપ તેમને વાગ્યો નહોતો. આરોપીઓએ તેમને અને સાહેદને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને એકબીજાને મદદગારી કરીને ગુનો આચર્યો હતો. પીડિત મહિલાએ આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવતા, પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને વધુ તપાસ શરૂ કરી હતી.

# લાઠીના મેમદા ગામમાં ઘર કંકાસના લીધે પરિણીતાને સસરા-દીયરે ધમકી આપી

લાઠી, તા. ૧૬

લાઠીના મેમદા ગામે પારિવારિક ઝઘડાના કારણે અલગ રહેતી એક પરિણીતા અને તેના સાહેદને તેમના સાસરિયાઓએ ગાળો આપી અને લોખંડના પાઈપ વડે માર મારવાનો પ્રયાસ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. બનાવ સંદર્ભે પારૂલબેન વિપુલભાઈ વઢેળએ સસરા ઓધાભાઈ જુઠાભાઈ વઢેળ તથા દીયર જયપાલભાઈ ઓધાભાઈ વઢેળ સામે ફરિયાદ નોંધાવી હતી. જે બાદ ઓધાભાઈ જુઠાભાઈ વઢેળ (ઉ.વ.૫૫) એ પુત્ર વિપુલભાઈ ઓધાભાઈ વઢેળ તથા પુત્રવધૂ પારૂલબેન વિપુલભાઈ વઢેળ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેનો પુત્ર તથા પુત્રવધૂ ઘરકંકાસનાં કારણે છએક મહિના પહેલા અલગ રહેવા જતા રહ્યા હતા. બન્નેએ પોતાનાં ગામ મેમદા ખાતે આવી તેને કહ્યું કે મને જમીનમાં તથા કારખાનાનો ભાગ પાડી દો. જેથી તેમણે મિલ્કતમાં ભાગ પાડવાની ના પાડતા પુત્ર એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને તેમને ગાલે ત્રણથી ચાર લાફા મારી દીધા હતા. સાહેદ જયપાલભાઈ વચ્ચે પડતા બંને આરોપીએ તેમને જેમ ફાવે તેમ ગાળો અને ધમકી આપી હતી. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી.આર. ડાભી વધુ તપાસ કરી રહ્યા છે.

# શ્રી મહાપ્રભુજી બેઠકજી ટ્રસ્ટ સા.કુંડલા દ્વારા ભવ્ય અન્નકૂટ ઉત્સવ યોજાયો

ચલાલા,તા.૧૬

શ્રી પુરૂષોત્તમ લાલજી મહારાજશ્રીની આજ્ઞા અને મહાપ્રભુજીના સાનિધ્યમાં તારીખ ૧૪-૧૧-૨૫ શુક્રવારના રોજ શ્રી મહાપ્રભુજી તથા શ્રી ગોવર્ધનનાથજી પ્રભુનો અન્નકુટ ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. જેના મુખ્ય મનોરથી વસંતભાઈ સોમૈયા મુંબઈ વાળા હતા. શ્રી વલ્લભકુલ પરિવારના સાનિધ્યમાં હજારો વૈષ્ણવોએ દર્શન અને મહાપ્રસાદનો લાભ



લીધો હતો. આ ઉત્સવમાં ગોપાલભાઈ સુરજવડી વાળા, તથા ભાનુબહેન, જગદીશભાઈ બધાએ ખુબ ભાવપૂર્વક કીર્તન કર્યા હતા.

# સા.કુંડલાના નેસડી રોડ પર આવેલ શ્રી કૃષ્ણ ગૌશાળા ખાતે બાયોગેસ પ્લાન્ટ અને ધન જીવામૃત પ્રોજેક્ટનું ભૂમિપૂજન

સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલામાં પ્રાકૃતિક ઊર્જા અને પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાના હેતુ સાથે, શ્રી કૃષ્ણ ગૌ સેવા ટ્રસ્ટ (પાંજરાપોળ), નેસડી રોડ, સાવરકુંડલા ખાતે બાયોગેસ પ્લાન્ટ અને ધન જીવામૃત બનાવવાના પ્રોજેક્ટનું ભૂમિપૂજન યોજવામાં આવ્યું હતું. આ ભૂમિપૂજન કાર્યક્રમ તા. ૧૫/૧૧ ને શનિવારના રોજ ધારાસભ્ય મહેશભાઈ કસવાળા અને સાંસદ ભરતભાઈ સુતરીયાની પ્રેરક



ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. આ તકે સાવરકુંડલા ભાજપ અગ્રણીઓ સાથે ગૌપ્રેમીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રોજેક્ટનું આયોજન ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (GEDA), ગાંધીનગર તેમજ ગુજરાત બાયોએનર્જી ફર્ટિલાઈઝરનાં સહકારથી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બહોળી સંખ્યામાં શહેરીજનો પધારેલ. શ્રી કૃષ્ણ ગૌશાળાની આ પહેલને સાવરકુંડલાના શહેરીજનોએ હર્ષભેર વધાવી લીધી હતી.આ પ્રસંગે શ્રી કૃષ્ણ ગૌશાળાના પ્રમુખ રાજુભાઈ બોરીસાગર દ્વારા હજુ પણ પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે અવનવા આયામો સંદર્ભે વિચાર કરવામાં આવશે એમ જણાવ્યું હતું.

## તંત્રી લેખ

# બાળકોની સાયબર સુરક્ષા

બાળકોનું ડિજિટલ જોખમો સામે રક્ષણ કરવું આજના સમયની સૌથી મોટી સમસ્યા છે. આના ઉકેલ રૂપે ઓસ્ટ્રેલિયાએ ક્રાંતિકારી નિર્ણય કર્યો છે. આજના સમયમાં, જ્યાં વિશ્વની ગતિ ડિજિટલ ક્રાંતિના ઘોડા પર સવાર છે, ત્યાં આપણા ભવિષ્ય સમાન બાળકો માટે સાયબર સુરક્ષા માત્ર એક વિકલ્પ નહીં, પરંતુ જીવન-મરણનો સવાલ બની ગઈ છે. ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાની દુનિયા જેટલી આકર્ષક છે, તેટલી જ જોખમી પણ છે. અજાણ્યા લોકો સાથેનો સંપર્ક, સાયબર ગુંડાગીરી (સાયબરબુલિંગ), અયોગ્ય સામગ્રીનો સામનો અને સૌથી મહત્ત્વનું, સ્ક્રીનનું આ વ્યસન – આ તમામ બાબતો બાળકના કોમળ માનસિક સ્વાસ્થ્ય અને તેના સમગ્ર વિકાસ પર ઊંડો નકારાત્મક પ્રભાવ પાડે છે. લાંબા સમયથી, સરકારો અને વાલીઓ આ 'ડિજિટલ જોખમ' સામે લાચારી અનુભવી રહ્યા હતા, પરંતુ તાજેતરમાં ઓસ્ટ્રેલિયન સરકારે જે પગલું ભર્યું છે, તે ખરેખર વિશ્વભરના નીતિ-નિર્ધારકો માટે એક નવો માર્ગ ચીંધે છે. આ નિર્ણય સૂચવે છે કે હવે સમય આવી ગયો છે કે સમાજ બાળકોને વર્ચ્યુઅલ નહીં પણ વાસ્તવિકતામાં સુરક્ષા પ્રદાન કરવા માટે મક્કમતા દાખવે.

ઓસ્ટ્રેલિયન સરકાર દ્વારા લેવાયેલો નિર્ણય માત્ર એક કાયદાકીય ફેરફાર નથી, પરંતુ તે બાળકોના માનસિક સ્વાસ્થ્યની રક્ષા માટેની એક સખત પ્રતિબદ્ધતા છે. વડાપ્રધાન એન્થની એલ્બનિઝે સ્પષ્ટપણે જાહેર કર્યું છે કે આગામી ૧૦ ડિસેમ્બર, ૨૦૨૫થી ૧૬ વર્ષથી ઓછી વયના કોઈ પણ બાળકને ફેસબૂક, ઈન્સ્ટાગ્રામ, ટિકટોક, સ્નેપચેટ, એક્સ, યુટ્યૂબ, રેડિટ અને કિક જેવા મુખ્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરવાની મંજૂરી મળશે નહીં. આ નિયમ માત્ર નવા એકાઉન્ટ બનાવવા પર જ પ્રતિબંધ નથી મૂકતો, પરંતુ જે એકાઉન્ટ્સ આ અગાઉ ખોલાયા છે, તેમને પણ ચાલુ રાખવાની પરવાનગી આપવામાં આવશે નહીં. સરકારે આ નિર્ણય પાછળનું એક જ મહત્ત્વનું કારણ આપ્યું છે: બાળકોના માનસિક સ્વાસ્થ્ય અને તેના સમગ્રતયા વિકાસની રક્ષા કરવી. આ નિર્ણય દ્વારા ઓસ્ટ્રેલિયાએ દુનિયાને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે 'ડિજિટલ દુનિયા બાળકોના ભવિષ્યને ખતરામાં નાખી શકે નહીં' અને તેના માટે આકરા પગલાં લેવા જરૂરી છે. આ નિર્ણયની આવશ્યકતાને સમજવા માટે, સોશિયલ મીડિયાની માનસિક અસરોને સમજવી અનિવાર્ય છે. કિશોરાવસ્થામાં જ્યારે ઓળખ અને આત્મસન્માનનું નિર્માણ થઈ રહ્યું હોય છે, ત્યારે સોશિયલ મીડિયા પર દેખાતી 'આદર્શ' અને અવાસ્તવિક દુનિયા, યુવાનોમાં અપૂરતાપણાની લાગણી, ચિંતા અને હતાશા પેદા કરે છે. સતત સરખામણી, 'લાઈક્સ' અને 'ફોલોઅર્સ' પર આધારિત આત્મમૂલ્યાંકન અને સાયબર ધમકીઓ બાળકને તણાવપૂર્ણ સ્થિતિમાં ધકેલી દે છે. આ પ્લેટફોર્મ્સ ઘણીવાર ઊંઘમાં ખલેલ પહોંચાડીને, ધ્યાન ભંગ કરીને અને વાસ્તવિક સામાજિક સંબંધોથી દૂર કરીને બાળકના શૈક્ષણિક અને સામાજિક વિકાસને અવરોધે છે. ઓસ્ટ્રેલિયાનો આ કાયદો આ તમામ નકારાત્મક પ્રભાવો પર સીધો પ્રહાર કરીને બાળકોને 'ઓફલાઈન' વિકાસ માટે સુરક્ષિત જગ્યા પૂરી પાડવાનો એક બહાદુરીભર્યો પ્રયાસ છે. ઓસ્ટ્રેલિયન સરકાર દ્વારા લેવાયેલો નિર્ણય માત્ર એક કાયદાકીય ફેરફાર નથી, પરંતુ તે બાળકોના માનસિક સ્વાસ્થ્યની રક્ષા માટેની એક સખત પ્રતિબદ્ધતા છે. વડાપ્રધાન એન્થની એલ્બનિઝે સ્પષ્ટપણે જાહેર કર્યું છે કે આગામી ૧૦ ડિસેમ્બર, ૨૦૨૫થી ૧૬ વર્ષથી ઓછી વયના કોઈ પણ બાળકને ફેસબૂક, ઈન્સ્ટાગ્રામ, ટિકટોક, સ્નેપચેટ, એક્સ, યુટ્યૂબ, રેડિટ અને કિક જેવા મુખ્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરવાની મંજૂરી મળશે નહીં. આ નિયમ માત્ર નવા એકાઉન્ટ બનાવવા પર જ પ્રતિબંધ નથી મૂકતો, પરંતુ જે એકાઉન્ટ્સ આ અગાઉ ખોલાયા છે, તેમને પણ ચાલુ રાખવાની પરવાનગી આપવામાં આવશે નહીં. સરકારે આ નિર્ણય પાછળનું એક જ મહત્ત્વનું કારણ આપ્યું છે: બાળકોના માનસિક સ્વાસ્થ્ય અને તેના સમગ્રતયા વિકાસની રક્ષા કરવી. આ નિર્ણય દ્વારા ઓસ્ટ્રેલિયાએ દુનિયાને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે 'ડિજિટલ દુનિયા બાળકોના ભવિષ્યને ખતરામાં નાખી શકે નહીં' અને તેના માટે આકરા પગલાં લેવા જરૂરી છે.

# આર્થિક વિકાસ રોજગારી સર્જક હોવો જોઈએ

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

વર્તમાન ભારત એક અસામાન્ય યુગના આરે ઊભું છે. એક તરફ વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા બનવાનું ગૌરવ છે, તો બીજી તરફ, આ વિકાસના ફળો સમાજના દરેક વર્ગ સુધી પહોંચાડવાનો જબરજસ્ત પડકાર છે. આજના ભારતની સૌથી મોટી અને પાયાની સમસ્યા છે: 'રોજગારી વગરનો આર્થિક વિકાસ'. જી.ડી.પી.ના આંકડાઓ ભલે ઊંચી છલાંગ લગાવતા હોય, પરંતુ જો દેશના યુવાનોના હાથમાં કામ ન હોય, તો આ વૃદ્ધિ માત્ર કાગળ પરની સફળતા બની રહે છે. લાખો યુવાનોની આકાંક્ષાઓ અને વધતી વસ્તીના દબાણ વચ્ચે, ગુણવત્તાયુક્ત રોજગારનું સર્જન કરવું એ કોઈ પણ સરકાર માટે એક મોટી 'આફત' સમાન છે.

વર્ષોથી ચાલી આવતી આ આફતને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારે માત્ર એક પડકાર નહીં, પણ એક રાષ્ટ્રીય 'અવસર' તરીકે જોવાનું શરૂ કર્યું છે. તેમની નીતિઓનું કેન્દ્રબિંદુ એ વિચાર છે કે આર્થિક ગતિવિધિઓને એવી રીતે પ્રોત્સાહિત કરવી કે તે સ્વાભાવિક રીતે રોજગારનું નિર્માણ કરે. હવે માત્ર વિકાસ નહીં, પણ 'સમાવેશી અને રોજગારલક્ષી વિકાસ' પર ભાર મૂકવામાં આવ્યો છે.

આફતને અવસરમાં બદલતી નીતિઓ અને 'આત્મનિર્ભરતા'ની વિભાવના આજે સફળ રહી છે.

રોજગારીના પડકારને અવસરમાં ફેરવવા માટે મોદી સરકારે જે સૌથી મોટું કદમ ઉઠાવ્યું છે તે છે 'આત્મનિર્ભર ભારત'ની વિભાવના. આ માત્ર કોઈ સૂત્ર નથી, પરંતુ એક સુનિયોજિત આર્થિક વ્યૂહરચના છે. ભૂતકાળમાં, ભારત મોટે ભાગે આયાત પર નિર્ભર રહેતું, જેનાથી દેશના પૈસા વિદેશમાં જતા અને સ્થાનિક સ્તરે રોજગારીનું સર્જન થતું ન હતું.

આ સ્થિતિને બદલવા માટે મેક ઈન ઈન્ડિયા (Make in India) અને પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI) જેવી યોજનાઓ શસ્ત્ર બનીને ઊભરી છે. PLI યોજનાએ મોબાઈલ ફોન મેન્યુફેક્ચરિંગથી લઈને ફાર્માસ્યુટિકલ્સ સુધીના ૧૪ મુખ્ય ક્ષેત્રોને પ્રોત્સાહન આપીને ઉત્પાદનને વેગ આપ્યો છે. જ્યારે ભારતમાં ઉત્પાદન વધે છે, ત્યારે વિદેશી કંપનીઓ પણ અહીં રોકાણ કરવા પ્રેરાય છે, જેના પરિણામે લાખો યુવાનો માટે સીધી અને આડકતરી રોજગારીની તકો ઊભી થાય છે. એટલે કે, 'આયાત પર નિર્ભરતા'ની આફત હવે 'નિર્યાત અને સ્થાનિક ઉત્પાદન'ના અવસરમાં પલટાઈ રહી છે. આનાથી માત્ર રોજગારી જ નહીં, પણ દેશની ઉત્પાદન ક્ષમતા અને વૈશ્વિક સપ્લાય ચેઈનમાં ભારતનો હિસ્સો પણ વધી રહ્યો છે.

કૌશલ્ય, માળખાગત સુવિધાઓ અને ડિજિટલ ક્રાંતિ રાષ્ટ્રના નવા યુગનો માર્ગ કંડારે છે.

કોઈ પણ રાષ્ટ્રના યુવાનો જો કૌશલ્ય વગરના હોય, તો તે પણ એક મોટી 'આફત' છે. આ આફતને દૂર કરવા માટે સરકારે સ્કિલ ઈન્ડિયા (Skill India) મિશન દ્વારા યુવાનોને બજારની જરૂરિયાત મુજબની તાલીમ આપવાનું બીડું ઝડપ્યું છે. ટેકનિકલ, વોકેશનલ અને મેનેજમેન્ટ સ્તરે કૌશલ્ય વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને, બેરોજગારોને 'રોજગારપાત્ર' બનાવવાનો અવસર ઊભો કરવામાં આવી રહ્યો છે.




આર્થિક વિકાસ માટે માળખાગત સુવિધાઓ (Infrastructure) કરોડરજ્જુ સમાન છે. પીએમ ગતિશક્તિ (PM GatiShakti) યોજના દ્વારા રોડ, રેલવે, પોર્ટ અને એરપોર્ટના નિર્માણમાં રેકોર્ડબ્રેક રોકાણ કરવામાં આવ્યું છે. માળખાગત સુવિધાઓનું નિર્માણ ટૂંકા ગાળામાં મોટી સંખ્યામાં મજૂરો અને એન્જિનિયરોને રોજગારી આપે છે, અને લાંબા ગાળે, તે ઉદ્યોગો માટે માલની હેરફેર સરળ બનાવીને રોકાણ અને વ્યાપારને પ્રોત્સાહન આપે છે. આમ, નબળી માળખાગત સુવિધાઓની જૂની આફત હવે 'વિશ્વસ્તરીય કનેક્ટિવિટી'ના અવસરમાં રૂપાંતરિત થઈ છે.

આ ઉપરાંત, ડિજિટલ ઈન્ડિયા (Digital India) મિશને ભારતને વિશ્વનું અગ્રેસર ફિનટેક (FinTech) રાષ્ટ્ર બનાવી દીધું છે. યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) જેવી સિસ્ટમ્સ દ્વારા નાનામાં નાના વેપારીને પણ ડિજિટલ અર્થતંત્ર સાથે જોડવાનો અવસર મળ્યો છે. આ ડિજિટલ ક્રાંતિએ માત્ર આર્થિક વ્યવહારો જ સરળ બનાવ્યા નથી, પણ નવા સ્ટાર્ટઅપ્સ અને ઈ-કોમર્સ જેવા ક્ષેત્રોમાં અગણિત રોજગારના દરવાજા ખોલ્યા છે.


સંકલ્પ સાથે આગળ વધતું ભારત આજે ગૌરવની વાત છે. વડાપ્રધાન મોદીએ સ્પષ્ટ કરી દીધું છે કે, ભારતની વર્તમાન સમસ્યાઓ ભલે ગમે તેટલી વિકરાળ હોય, પરંતુ તેને નિરાશાના ચશ્માથી જોવી નહીં. બેરોજગારી અને અસમાનતા જેવી 'આફત'ને 'સર્જન' અને 'સશક્તિકરણ'ના 'અવસર'માં પલટાવી દેવાનો સંકલ્પ લેવાયો છે.

રોજગારી સર્જન માટે માત્ર સરકારી નોકરીઓ પર નિર્ભર રહેવાને બદલે, સરકારે મુદ્રા યોજના (Mudra Yojana) દ્વારા યુવાનોને 'જોબ સીકર' (નોકરી શોધનાર) નહીં પણ 'જોબ ક્રિએટર' (નોકરી આપનાર) બનવા માટે પ્રોત્સાહિત કર્યા છે. આ રીતે, સરકાર દેશના ડેમોગ્રાફિક ડિવિડન્ડ (યુવા વસ્તી)ને એક આફત ગણવાને બદલે, તેને રાષ્ટ્રની સૌથી મોટી શક્તિ બનાવવાનો મક્કમ નિર્ધાર દર્શાવે છે.

આપણે સ્વીકારવું પડશે કે આ પરિવર્તન સરળ નથી અને તેમાં સમય લાગશે. પડકારો હજુ પણ છે. પરંતુ, જ્યારે સરકાર સ્પષ્ટ દ્રષ્ટિ અને સંકલ્પ સાથે કાર્ય કરે છે, ત્યારે કોઈ પણ 'આફત' આખરે 'અવસર' બની જ રહે છે. ભારત આજે એ જ રાહ પર છે – એક એવો અવસર, જે માત્ર આર્થિક જ નહીં, પણ સામાજિક સશક્તિકરણની ગેરંટી આપે છે.

**હાલની સૌથી મોટી સમસ્યા તરીકે રોજગારી સર્જન સાથેનો આર્થિક વિકાસ (Economic Growth with Employment Generation) ને કેન્દ્રમાં રાખવામાં આવ્યો છે, જે ગરીબી અને અસમાનતા જેવા મૂળભૂત પડકારોનું પણ નિવારણ કરે છે. ભારતની સૌથી મોટી આફત 'રોજગારી વગરનો વિકાસ' છે. પરંતુ મોદી સરકારની નવતર દ્રષ્ટિ આ આફતને અવસરમાં બદલવાનો પ્રયાસ કરી રહી છે**

# સ્મૃતિઓની સફર - અડધી સદીની એક અણમોલ યાત્રા




**મનન ચિંતન**
**ભરત બાવીશી**



જીવન એક અનોખી મુસાફરી છે. દીર્ઘકાળ પર્યંત ચાલનારી યાત્રા છે. જન્મથી પ્રારંભના સાત-આઠ વર્ષ સુધી આપણે ખુદ આપણાથી અજાણ અપરિચિત રહીએ છીએ. પછી આ અબોધ જીવ માતા-પિતા, નાના મોટા ભાઈ-બહેનો અને અનેક સગા-સંબંધીઓના સંપર્કમાં આવે છે. આ શૈશવનો વિકાસ પરાવલંબન વગર થતો નથી. બચપણ વીતી જાય અને ઘર અથવા શાળામાં આપણા સમોવડિયા સાથે હરવા ફરવા અને રમવાનું શરૂ થઈ જાય છે. એ સમયના મિત્રોની યાદ ચિતમાં સવિશેષ રહી જાય છે. ત્યારબાદ નોકરી-ધંધા અને કામકાજના સ્થળના સાથી મિત્રો અને એ રીતે જન્મથી લઈને અત્યાર સુધી આપણે ઘણા બધા લોકોના સંપર્કમાં આવીએ છીએ, અનેક અનુભવો મેળવીએ છીએ અને અનેક ગમતી અણગમતી પરિસ્થિતિઓમાંથી પસાર થઈએ છીએ. એમાંના કેટલાક અનુભવ તો સમય સાથે ધૂંધળા પડી જાય છે, પણ કેટલાક સ્મૃતિરૂપ બનીને જીવનભર આપણો સાથ છોડતા નથી. ખાસ કરીને શાળા-કોલેજના દિવસો અને ત્યાર પછીથી વર્તમાન સમય સુધીના સામાજિક જીવનમાં મળેલા મિત્રો અને સ્નેહીઓ તો જીવનનો અમૂલ્ય ખજાનો હોય છે. કેટલાક મિત્રો આપણા હૃદયમાં એવી ખાસ જગ્યા બનાવી લે છે કે વર્ષો વીતી જાય છતાં તેમની યાદો તાજી જ રહે છે. શૈશવની રમત-મસ્તી, કિશોરાવસ્થાની શરારતો, યુવાનીની મોજ-મસ્તી અને વ્યવસાયિક જીવનના અવનવા પ્રસંગો આ બધું આપણે ભૂલી શકતા નથી. સમય બદલાય છે, પરિસ્થિતિઓ બદલાય છે, જવાબદારીઓ વધે છે; પણ સંબંધોની યાદો ક્યારેય ઉંમરની સાથે જૂની થતી નથી. સમયના વહેણમાં આપણે ઘણા લોકોને ગુમાવી પણ દઈએ છીએ. કેટલાક મિત્રો પરદેશ જઈ વસે છે, કેટલાકનું લગ્નજીવન પોતાની દિશા લઈ લે છે, કેટલાક રોજગાર કે પારિવારીક વ્યસ્તતામાં એટલા ખોવાઈ જાય છે કે ફરી મળવાનું દુર્લભ બની જાય છે પરંતુ તેમની યાદો જળવાઈ રહે છે. ત્યાર પછીની દુનિયા તો જાણે કોઈ નવી જ દુનિયા હોય છે. જીવનના રંગમંચ પર એક અનેરા અને અપરિચિત મિત્રમંડળમાં આપણે જોડાઈએ છીએ. કેટલાક લોકો આપણા હિતેચ્છુ અને સહાયક હોય છે જ્યારે કેટલાક આપણને ધક્કો મારતા ચાલ્યા જતા હોય છે. પરંતુ જીવનમાં કાયમ મીઠી યાદ રૂપે હરહંમેશ સ્મૃતિપટ પર છવાઈ જનારની સંખ્યા ખૂબ ઓછી હોય છે. એમની યાદો અને વાતો તો મનમાં એવી જ જળવાઈ રહે છે જેમ કે જૂના ફોટાના પાનાંઓ વચ્ચે દબાયેલું સુકાયેલું ફૂલ — સુકાયું હોવા છતાં સુગંધ ભુલાવતું નથી.

આ જીવન સફરમાં આપણે કેટલાય લોકો સાથે મળીએ છીએ — જાણીતાં, અજાણ્યા, સ્વજનો, સહકાર્યકરો ઘણાં તો ફક્ત પસાર થઈ જાય છે, પણ થોડાંક જ મનમાં ઊંડું સ્થાન બનાવી લે છે. અજાણતાં જ એમના સ્મરણો આપણામાં જિંદગી પ્રત્યેનો ભાવ બદલતાં જાય છે. કોઈ મિત્રની એક નાની મદદ, કોઈનું સ્મિત, કોઈની સમજણભરી વાત આ બધું મળીને આપણું વ્યક્તિત્વ ઘડે છે. પરંતુ દરેક સ્મૃતિ મીઠી હોય એવું નથી. જીવનની કડવી યાદો પણ આપણને ઘણું શીખવે છે. ક્યારેક કોઈ પ્રિયજનનો વિયોગ, કોઈ મિત્રોનું અચાનક અવસાન, કોઈ સંબંધનું તૂટવું — આ પ્રસંગો હૃદયને ભારે બનાવે છે, પરંતુ જીવનને સમજદાર પણ બનાવે છે. આજની વ્યસ્તતા વચ્ચે એક ક્ષણ રોકાઈને જો આપણે આપણા જૂના દિવસોને યાદ કરીએ, તો સમજાશે કે જીવન કેટલું લાંબું પણ છે અને કેટલું ટૂંકું પણ. કોઈને મળવા, વાત કરવા કે "કેમ છો?" પૂછવા માટે આજે જ યોગ્ય સમય છે. કાલ આવે કે ન આવે, એ તો કોઈને ખબર નથી. જિંદગી એક યાત્રા છે, સ્મૃતિઓ એ એની પૂંજી અને મિત્રો એ એની સાચી કમાણી. કેટલી યાત્રા કરી છે આપણે! અને કેટલી બાકી છે? એ પ્રશ્નો જ આપણને જીવનના અર્થ તરફ લઈ જાય છે. જીવનની આ યાત્રામાં આવતા સુખ-દુઃખમાં સાથે રહેનાર સગા-સબંધી, સ્નેહી મિત્રો સાથે વિતાવેલ સમય અને એકબીજાના સ્નેહભાવ સાથેનું વર્તન જ સાચું સુખ છે. આ જીવન યાત્રામાં સેવા, સત્સંગ અને સારો વ્યવહાર જ વર્તમાન અને ભવિષ્યની આખરી મંજિલ પછી યાદો સ્વરૂપે હૃદયમાં અકબંધ સચવાઈ રહે છે. અને આવી યાદો વાગોળીએ તો અઢળક આનંદ આપે છે. બાકી બધી ઘટનાઓ ભૂતકાળ બનીને ભૂલાય જતી હોય છે. ત્યારે હમણાં જીવનના ૪૯ વર્ષ પૂર્ણ કરીને પચાસમાં વર્ષમાં પ્રવેશ વખતે શુભેચ્છાઓ પાઠવીને અવતરણ દિવસને આનંદમય બનાવનાર, લાગણીથી જોડાયેલા બાળપણથી અત્યાર સુધીના જીવનના સુખ-દુઃખના સાથી એવા સૌ શુભેચ્છક મિત્રો, સ્નેહીજનો અને પરિવારના સૌ સભ્યોનો ખૂબ ખૂબ આભાર જય શ્રી કૃષ્ણ..

# જમીન એટલે જીવન, સંસ્કૃતિ, ઓળખ અને સ્વાભિમાન






ઈતિહાસ અને ઉજવણીની પરંપરા ભુલવામાં જો કોઈ સૌથી આગળ હોય તો તે ભારતીયો છે. બે દિવસ પહેલા મહાન ક્રાંતિકારી અને આદિવાસી સમાજના ભગવાન સમા બિરસા મુંડાનો જન્મદિવસ ઉજવાયો. દેશના પ્રભાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી હિન્દુસ્તાનની સંસ્કૃતિના રક્ષકો, આઝાદીના લડવૈયાઓ અને ભવ્ય વિરાસત ભાવિ પેઢીને ભુલાય નહિં એટલે યશગાથાઓને ઈતિહાસના પાના ઉપર પુનઃ સ્થાપિત કરી રહ્યા છે. બિરસા મુંડા જમીનને ધરતી માતાનો દરજ્જો આપ્યો છે એટલે જમીન આપણી માતા છે તેવું ગણતા હતા. દરેક હાથની માટી પવિત્ર છે. જંગલ, નદીઓ, પહાડો સંસ્કૃતિનો ભાગ છે તેવું માનતા હતા.

વર્તમાન સમયમાં કેન્સરની બિમારીએ માઝા મૂકી છે. બીજી I.V.F. સેન્ટરો મહાનગરોથી ગામડાઓ સુધી વધી રહ્યા છે. આ બન્ને માટે જવાબદાર છે માણસોની રહેણી કહેણી, ખોરાક, પરંતુ આજની પેઢી જંક ફુડ અને બેવરેઝીંગમાંથી બહાર આવી શકે તેમ નથી ઉપરાંત ફર્ટીલાઈઝર અને પેસ્ટીસાઈડ આધારિત ખોરાક માનવ જીંદગી સામે પ્રશ્નો ઉભા કર્યા છે છતાં પણ અહીં કોઈ જાગે એવી અપેક્ષા ઓછી છે.

પ્રાકૃતિક ખેતી દ્વારા અનાજ, તેલીબિયાનું વાવેતર અને ઉત્પાદન લેવામાં આવે છે પરંતુ રોજબરોજ લોકો, પરિવારો ઉપયોગમાં લે છે તે શાકભાજીનું પ્રાકૃતિક રીતે વાવેતર કરતા ખેડૂતોની સંખ્યા ઓછી છે. ત્યારે મોરબી જિલ્લાના મોરબી તાલુકાના નારણકા ગામના ખેડૂત અશોકભાઈ કાનજીભાઈ મોરડીયા જેમનો અભ્યાસ એમ.કોમ. સુધીનો છે અને ઉમર ૫૦ આસપાસ છે. બાળપણ તેઓનું ગામડાની શેરી અને ધૂળમાં રમતાં રમતાં વિત્યું છે. સ્વાધ્યાય પરિવાર સાથે જોડાયેલા અશોકભાઈ કહે છે, 'અમારા ગામમાં પુ. પાંડુરંગશાસ્ત્રી સ્વાધ્યાય પરિવાર સાથે આખું ગામ જોડાયેલું છે. નાનપણમાં સ્વાધ્યાયમાં હું જતો ત્યારે એક શબ્દ સાંભળ્યો છોડમાં રણછોડ છે. બસ આ શબ્દ આજે પણ મારા મન અને હૃદય અને ધૂમે છે.' અશોકભાઈ

**ઝાકળનું એક બિંદુ**
**હિરેન હિરપરા**



ખુબ અભ્યાસુ વ્યક્તિ છે. મોરબીમાં ટાઈલ્સના વ્યવસાયમાં જમાવટ પછી જીવ ગામડા અને ખેડૂતોનો એટલે ગામડે આવીને ખેતરના શેઢે બેસી પોતાનું બાળપણ યાદ કરે. એ સમયે દાદા ખેતરમાં દેશી ટમેટા સહિત ફળ અને શાકભાજીનું વાવેતર કરતા અને રંગ રૂપ કરતા જે સ્વાદ હતો એ દિવસો યાદ કરે.

પોતાની ૩ વિઘા જમીનમાં ૧૦૮ જેટલા ઝાડ, છોડ અને વેલા પ્રકારની આયુર્વેદિક ઔષધિઓનું વાવેતર કરેલ છે. નવી પેઢી આયુર્વેદને જાણે અને ઉપયોગ કરે એ હેતુથી વાવેતર કરેલ છે.

જ્યારે ૭ વિઘા જમીનમાં વિવિધ શાકભાજીઓનું પ્રાકૃતિક રીતે વાવેતર કરે છે. અશોકભાઈ કહે છે, 'આજે હાઈબ્રીડ અને વધુ પડતા પેસ્ટીસાઈડ વાળું શાકભાજી લોકો ખાઈ રહ્યા છે. લોકો સ્વાદ ભુલી ગયા છે, માત્ર કલરને જુવે છે. આથી શરૂઆતમાં કોઈ ૨૫૦ ગ્રામ રીંગણાનો ઓર્ડર આપે તો પણ હોમ ડીલીવરી કરવા ૧૫-૨૦ કિલોમીટર જતાં હતા અને વિનામૂલ્યે આપતા અને સમજ પણ આપતા હતા.'

આજે પોતાના ખેતરમાં સિઝન પ્રમાણે પ્રાકૃતિક ખેતીના માધ્યમથી ગુવાર, રીંગણા, ભીંડો, દુધી, ગલકા, તુરીયા, વિવિધ ભાજી, મુળા, બીટ, કોબી, ફલાવર જેવા શાકભાજીનું વાવેતર કરીને વેચાણ કરવા માટે મોરબીમાં સ્ટોલ શરૂ કરવામાં આવ્યો છે. ધીમે ધીમે લોકો ઝેર ખાવાનું છોડીને પ્રાકૃતિક શાકભાજી તરફ વળતા જાય છે. અશોકભાઈ મોરડીયાનો સંપર્ક નં. ૯૫૮૬૨ ૯૮૩૦૪ છે.

**:: તિખારો ::**

**રંગ અને રૂપની દુનિયામાં સંસ્કારો ખોવાયા છે. આત્મ સન્માન, માન-મર્યાદા ભૂલીને કોઈપણ ક્ષેત્રમાં આગળ વધવાની ભૂખ અંતે પરિવારને બરબાદ કરે છે. સમયે - સમયે રંગ બદલતી વ્યક્તિ કોઈને વફાદાર હોતી નથી.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ખેતી કાર્યો



પાયાના ખાતરમાં રાસાયણિક ખાતર વાપરતા મિત્રોએ ખાસ એ વાતનું ધ્યાન રાખવું કે આ વર્ષ જમીનમાં પુષ્કળ ભેજ હોવાથી બે દિવસમાં પિયત થઈ જવું જોઈએ કારણ કે બીજનું અંકુરણ થાય ત્યારે ખાતરમાં જે નાઈટ્રોજનનો ભાગ ઓછા ભેજને કારણે બીજના અંકુરણને બાળી નાખે છે અને તેવા બીજમાં ફુગ થાય છે જે ફૂગ પાછળથી ઉગી ગયેલ છોડને પણ નુકસાન કરે છે અને અમુક પાકમાં સૂકારો ચાલુ થાય અને ઉગાવો નબળો આવવાની શકયતા રહે છે. માટે રાસાયણિક ખાતર વાપરતા ખેડૂતોએ બે દિવસમાં પિયત થઈ જાય તે મુજબ વાવેતર કરતા રહેવું. મોટા નંબરમાં એક સાથે વાવેતર કર્યુ હોય અને મોટર બળી જાય અથવા TC બળી જાય તો પિયત આપવામાં મોડુ થઈ જાય તો નુકસાન ભોગવવું પડે.

## જંતુનાશકોના ઉપયોગ અથવા લક્ષ્યાંકનું જીવાતોના આધારે વર્ગીકરણ:

» **એ) કિટનાશક:** એક પદાર્થ કે જેનો ઉપયોગ કિટકોને મારવા અથવા તેમની વૃદ્ધિ અથવા વિકાસ ખોરવવા માટે થાય છે. દા.ત.: મોનોક્રોટોફોસ, કાર્બોફ્યુરાન, લેમ્બડાસીહાલોથ્રિન.

» **બી) ફૂગનાશકો:** જે રસાયણોનો ઉપયોગ ફૂગના નિવારણ, ઈલાજ માટે થાય છે. દા.ત.: કાર્બેન્ડાઝિમ, થિએબેંડાઝોલ, થિઓફેનેટ-મિથાઈલ.

» **સી) જીવાણુંનાશક:** સંયોજનો જે છોડમાં અથવા જમીનમાં રહેલા જીવાણુઓને મારવા અથવા અટકાવવા માટે વપરાય છે. દા.ત.: કોપર હાઈડ્રોક્સાઈડ, કસુગામિસિન, સ્ટ્રેપ્ટોમાયસીન, ટેટ્રાસાયક્લીન.

» **ડી) કથીરીનાશક** : તે પદાર્થો જે કથીરી અને બગાઈને મારી નાખવા માટે અથવા તેમનામાં વિકાસ અને વૃદ્ધિમાં વિક્ષેપિત કરવા માટે વપરાય છે. દા.ત.: ડીડીટી, ડાઈકોફોલ, ફેનપ્રાઈક્સીક્સ.

» **ઇ) નિંદામણનાશક:** પદાર્થો કે જે છોડને મારી નાખવા અથવા તેમની વૃદ્ધિ અથવા વિકાસ અટકાવવા માટે વપરાય છે. દા.ત.: પેરાક્વાટ, ગ્લાયફોસેટ, ૨, ૪-ડી

» **એફ) કૃમિનાશક:** રસાયણો જેનો ઉપયોગ કૃમિને નિયંત્રિત કરવા માટે થાય છે. દા.ત. કાર્બોફ્યુરાન, ટ્રાઈઝોફોસ.

» **જી) ઉંદરનાશક:** ઉંદરો અને તેનાથી સંબંધિત પ્રાણીઓને મારવા માટે વપરાતા પદાર્થો. દા.ત.: ઝિંક ફોસ્ફાઈડ, બ્રોમાડીયોલેન.

» **એચ) એન્ટિફિડન્ટ્સ (ખોરાક લેતા અટકાવનાર):** રસાયણો જે કોઈ જીવાતને ખોરાક લેતા અટકાવે છે. દા.ત. ક્લોરડીમેફોર્ન, ફેન્ટિન અને એઝાડીરેકટીન.

» **આઈ) કોમોસ્ટરીલંટ (વંધ્યત્વ કરનાર):** રસાયણો જે એક જંતુને વંધ્યત્વ આપે છે. કોમોસ્ટરીલંટ ઈંડાના ઉત્પાદનને અવરોધે છે, ઈંડાના મૃત્યુનું કારણ બને છે અથવા સ્પામ અથવા ઈંડા સામગ્રી પર ઘાતક પરિવર્તનનું કારણ બને છે. દા.ત.અજિરીડિનાઈલ, ડિફ્લુબેનઝુરોન.

» **જે) છોડના વિકાસના નિયમનકારો:** પદાર્થો કે જે છોડમાં અપેક્ષિત વૃદ્ધિ બદલવામાં, ફૂલને અથવા પ્રજનન દર બદલાવામાં ભાગ ભજવે છે. દા.ત.: એનએએ, એથેફોન.

## જંતુનાશક દવાઓનો ઉપયોગ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો:

» ● છંટકાવ માટે હોલોકોન નોઝલનો ઉપયોગ કરવો અને પવનની દિશામાં છોડ બરાબર ભીંજાય તે રીતે છંટકાવ કરવો.

» ● પંપ અને અન્ય સાધનો દવાના છંટકાવ પછી યોગ્ય રીતે સફાઈ કરી સંગ્રહસ્થાનમાં મૂકવા.

» ● દવાઓનું મિશ્રણ ન કરવું તેમજ જરૂરિયાત હોય ત્યારે બજારમાં મળતા તૈયાર દવાઓના મિશ્રણનો ઉપયોગ કરવો.

» ● જૈવિક કીટકનાશક સાથે ફૂગનાશક દવા ભેળવવી નહી.

» ● ખેતરમાં મિત્ર કીટકો હોય ત્યારે દવાનો છંટકાવ ન કરવો.

» કાર્બામેટ (કાર્બોસલ્ફાન, થાયોડીકાર્બ) આ જૂથના કીટનાશક રસાયણો જીવાતનાં ચેતાતંત્રમાં જૈવ-રાસાયણિક પ્રકારે થતાં સંદેશાવહન માટે જરૂરી એવા ખાસ પ્રકારનાં અંતઃસ્ત્રાવ (એસીટાઈલ કોલીન એસ્ટ્રેઝ)ને બનતા અટકાવે છે અને આ રીતે કીટકનું નિયંત્રણ થાય છે. આવા કીટનાશક રસાયણો એસીટાઈલ કોલીન એસ્ટ્રેઝઈન્હીબીટર્સ તરીકે ઓળખાય છે.

» **એરંડા:** પાનનો અલ્ટરનેરીયા ટપકાંનો રોગ

» **રોગના લક્ષણો :**

» આ રોગ અલ્ટરનેરીયા મેકરોસ્પોરા નામની ફુગથી થાય છે. આ રોગ મોટાભાગે પાકની પાછલી અવસ્થાએ જોવા મળે છે. સામાન્ય રીતે પાકટ પાન અને નીચેના પાન પર નાના બદામી, ગોળ કે અનિયમીત આકારમાં વધીને કેન્દ્રીયભૂત વર્તુળો વાળા ચાંઠાઓ ઉત્પન્ન થાય છે. પાનની ધારને પણ ઝાળ લાગે છે. આ રોગની માત્રા વધતા પાન ખરી પડે છે. થડ, દાંડીઓ અને જીંડવા પર પણ રોગનો ઉપદ્રવ જોવા મળે છે.

» **નિયંત્રણ:-** મેન્કોઝેબ ૦.૨ % (૧૦ લિટરમાં ૨૭ ગ્રામ) ઓગાળી મિશ્રણ ૧૫ દિવસના અંતરે ૨ થી ૩ વખત છાંટવું.



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

» **ઘઉં** ● ઘઉંના પાનના સુકારાના નિયંત્રણ માટે રોગની શરૂઆતમાં મેન્કો વે.પાવડર ૧૦ લિટર પાણીના ૧૫ દિવસના આંતરે બે છંટકાવ કરવા.

» **શિયાળુ મકાઈ :** ● પાનનો સુકારો ટર્સીકમ લીફ બ્લાઈટ રોગની શરૂઆતમાં ગૌમૂત્ર ૧૦ ટકા (૧ લિટર / ૧૦ લિટર પાણી) અથવા લીમડાના પાનનો અર્ક ૧૦ ટકા (૧ લિટર / ૧૦ લિટર પાણી) નો છંટકાવ વાવણીના ૩૦, ૪૦, ૫૦ અને ૬૦ દિવસે આંતરે બે છંટકાવ કરવા.

» **પૂર્વા તલ :** ● ગાંઠિયા માખીના નિયંત્રણ માટે મિથાઈલ-ઓ-ડીમેટોન ૧૦ મિ.લિ. દવા ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

» ● ડુંગળીમાં થ્રીપ્સનો ઉપદ્રવ વધતો જણાય તો ફોસ્ફામીડોન ૧૦ મિ.લિ. અથવા સ્પીનોસેડ ૨ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.

» **બટાટા:** ● બટાટાના કટકાનાં કોહવારાનાં નિયંત્રણ માટે બટાટાના વાવેતર પહેલા જ્યારે બીજ તૈયાર કરવામાં આવે છે એટલે કે ટુકડા કરવામાં આવે છે ત્યારે કાપેલ ટુકડાને મેન્કોઝેબ દવાની સૂકી માવજત આપવી જરૂરી છે જેથી રોગપ્રેરકો ટુકડામાં દાખલ થાય નહિ અને ટુકડા કોહવાય નહિ. પ્રતિ હેકટરે એક કિલો મેન્કોઝેબ અને ૫ કિલો શંખજીરૂ મિશ્રણ કરી બટાટાના ટુકડા ઉપર ભભરાવી વાવેતર કરવાથી કટકામાં થતો કોહવારાનો રોગ અટકાવી શકાય છે.

» **તરબૂચ:** ● તરબૂચમાં૨૦ માઈક્રોન જાડાઈના સિલ્વર બ્લેક કલરના પ્લાસ્ટિક મલ્ચનો ઉપયોગ કરી ૦.૬ ઈટીસી લેવલે ટપક પધ્ધતિ દ્વારા પિયત આપો.

» **શાકભાજી:** ● ભીંડામાં તડતડીયા તથા ફળ અને ડુંખ કોરી ખાનાર ઈયળ માટે મેટારીઝીયમ એનીસોપ્લી ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં નાખી છંટકાવ કરવો.





» ● ટમેટાનાં પાનનાં સુકારાનાં રોગ માટે કોપર હાઈડ્રોકસાઈડ ૭૭ વે.પા. ૨૫ ગ્રામ/૧૦ લિટર પાણીમાં નાખી ૧૦ દિવસના અંતરે ત્રણ છંટકાવ કરવા.

» ● **દુધી :** ગુજરાત આણંદ સંકર દુધી - ૧ નું વાવેતર કરો.

» **મરીમસાલાના પાકો (વરિયાળી, જીરું, ધાણા, મેથી, સુવા અને અજમો) :** મોલો અને થ્રીપ્સનાં નિયંત્રણ માટે મોલો અને થ્રીપ્સનો વધુ ઉપદ્રવ જણાય તો ડાયમિથોએટ ૩૦ ઈસી ૧૨ મિ.લિ. અથવા ઈમીડાકલોપ્રીડ ૧૭.૮ એસેલ ૪ મિ.લિ. અથવા કાર્બેસ્લ્ફાન ૨૫ ઈસી ૨૦ મિ.લિ. અથવા ટ્રાયઝોફોસ ૪૦ ઈસી ૨૦ મિ.લિ. અથવા એસીફેટ ૭૫ એસપી ૧૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. જો બીજા છંટકાવની જરૂરિયાત જણાય તો કીટનાશક બદલવી.ધાણાનાં ઉગાવાના એક મહિના બાદ ટ્રાઈકોડર્મા હારજીયાનમ ૫ કિ.ગ્રા. ૧૦ કિલો રેતીમાં ભેળવી છંટકાવ કરવાથી સુકારાનું નિયંત્રણ મેળવી શકાય છે.

» **ધાણા :** તાપમાન ૩૦ થી ૩૫ સે. હોય ત્યારે વાવેતર કરવું. સમય ૧૦ થી ૨૫ નવેમ્બર વચ્ચે વાવેતર કરવું. બિયારણનો દર ૩.૫ કિલો /વીઘા મુજબ રાખવો. બે હાર વચ્ચે ૧૮ ઈંચના અંતરે વાવેતર કરવું.

» **જાત:** ધાણા-૧, ૨ અને ૩ જાત છે. વધુ સારી જાત ધાણા-૩ છે. ખાતર ૩૦-૧૫-૦ તેમાં સિંગલ સુપર ફોસ્ફેટ વીઘે ૧૫ કિલો, એમોનિયમ સલ્ફેટ વીઘે ૧૦ કિલો વાપરવું. આ ખાતર પાયામાં આપવું.તે ઉપલબ્ધ ન હોય તો ૨૦-૨૦-૦-૧૩ વીઘે ૧૫ કિલો પાયામાં આપવું.સાથે પોટાશ ૧૦ કિલો આપવું. આ સાથે માઈકોરાઈજાનો પણ મૂળના વિકાસ ઉપયોગ કરો. તે ઉપરાંત જૈવિક બેક્ટેરિયા એઝોટોબેક્ટર તેમજ થાયોબેસીલાસ સલ્ફરના બેક્ટેરિયા કલ્ચર ૨.૫ વીઘે ૧-૧ લિટરનો ઉપયોગ કરવો.

# ફળ અને શાકભાજીના પરીરક્ષણની રસકસવાળી કવિતા

તંદુરસ્ત અને રોગમુક્ત રહેવા માટે લીલા શાકભાજી અને ફળોનો શકય બને તેટલો ઉપયોગ વધારવો જોઈએ. કેમ કે આપણા શરીરના બંધારણ અને દૈનિક જરૂરિયાત માટેના મુખ્ય તત્વો જેવા કે કાર્બોદિત, પ્રોટીન, ચરબી, વિટામિન અને ખનીજ તત્વો આપણને રોજિંદા ખોરાકમાંથી મળી રહે છે. આ પૈકીના કાર્બોદિત, પ્રોટીન, ચરબી મુખ્યત્વે ધાન્ય પાકો, કઠોળ, ઘી અને તેલમાંથી જ્યારે વિટામિન અને ખનીજ પદાર્થો વિશેષ કરીને ફળો અને તાજા શાકભાજીમાંથી મળી રહે છે. પરિવારના દરેક સ્વજનોના રોજબરોજના ખોરાકમાં ફળો અને શાકભાજી અને ચટણી, કચુંબર, રાયતા કે સંભારના સ્વરૂપે, કોઈ અન્ય સ્વરૂપે કે તાજા અથાણાના સ્વરૂપમાં પીરસવા જોઈએ. આપણા દેશમાં ફળોનું ઉત્પાદન સૌથી વધારે પ્રમાણમાં થાય છે. તેમજ શાકભાજીના ઉત્પાદનમાં વિશ્વ કક્ષાએ ચીન પછી બીજા ક્રમે ભારત આવે છે. ફળો અને શાકભાજીનો ઉપયોગ ગૃહ કક્ષાએ વધારે પ્રમાણમાં થાય છે. ફળો અને શાકભાજી જલ્દી બગડી જાય તેવા ઉત્પાદનો છે. વર્ષ દરમ્યાન ઘણી વખત એવું બને છે કે પુષ્કળ પ્રમાણમાં ફળો અને શાકભાજીનું ઉત્પાદન થાય છે અને તે બધાનો ઉપયોગ થઈ શકતો નથી અથવા દૂરના તેમજ અંતરિયાળ ગામડામાં વેચાણ વ્યવસ્થા, વાહન વ્યવસ્થા કે સગવડતાના અભાવે મોટા પ્રમાણમાં નુકસાન થાય છે જે ખુબ જ મોટું આંકવામાં આવે છે. ફળો અને શાકભાજી જીવિત કોષોથી ભરપૂર છે અને છોડમાંથી તોડ્યા બાદ પણ તેની દેહધાર્મિક ક્રિયાઓ ઘણે અંશે ચાલુ રહેતી હોય છે. તેથી તેનો પાકવાનો તબક્કો ચાલુ રહેતા તેમાંથી વિવિધ વાયુઓ પેદા થાય છે. તેથી તે લાંબા સમયે બગડી જાય છે. જેથી આવા ફળો કે શાકભાજી આરોગ્યપ્રદ રહેતા નથી, તેને ખાઈ શકાતા નથી અને જો ખાવામાં આવે તો તે આપણા માટે માંદગી નોતરે છે. આમ તે આરોગ્યપ્રદ રહે અને લોકો તેને ખાઈ પણ શકે તેમજ વિશાળ જથ્થામાં બગડતા પણ અટકાવી શકાય છે. આ માટે વિવિધ બનાવટો બનાવવામાં આવે તો તે ખેડૂતોને પુષ્કળ આર્થિક ફાયદો પણ કરાવે છે. ફળો કે શાકભાજીને લાંબો સમય સાચવી રાખવાની આ પદ્ધતિઓને 'પરીરક્ષણ' તરીકે ઓળખવામાં આવે છે.



### પરીરક્ષણથી થતા લાભો :

» ● પરીરક્ષણ દ્વારા ગૃહ ઉદ્યોગ વિકસાવી મહિલાઓને રોજગારી આપી શકાય છે.

» ● આખા વર્ષ દરમિયાન વિવિધ ફળ અને શાકભાજીની વિવિધ બનાવટો મળી રહે છે.

» ● ખોરાકમાં બદલાવ લાવી, તેને રુચિકર તેમજ સ્વાદિષ્ટ બનાવી શકાય છે.

» ● આવી બનાવટોને મોટાપાયે બનાવી વિદેશોમાં મોકલી વિદેશી હુંડીયામણ મેળવી શકાય છે.

**ફળ અને શાકભાજીમાં પરીરક્ષણ કરવા માટે ધ્યાનમાં રાખવા જેવી બાબતો :**

» ● ફળોને નુકસાન ન થાય તે રીતે ઉતારવા.

» ● ઉતાર્યા બાદ કેરેટમાં હેરફેર કરવી.

» ● ત્યારબાદ ઉતારેલા ફળોને સાફ કરી છાયડામાં મુકવા.

» ● ફળો તેમજ શાકભાજીના સારા બજારભાવ મેળવવા માટે તેનું વર્ગીકરણ કરી બજારમાં મુકવા.

» ● પરીરક્ષણમાં ઉપયોગ થતા રસાયણો અને તેનું આકલન:

એકતા મેર
બાગાયત મહાવિદ્યાલય,જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

ફળો અને શાકભાજી આપણા શરીર તથા જીવનમાં ઘણા ઉપયોગી છે તે આપણે એક કવિતાના સ્વરૂપમાં જાણીએ. આમ તો ક્યાંક ને ક્યાંક અત્રે આપેલ કવિતા મહદઅંશે સાંભળી હશે કે મનમાંથી આવી જ વાત નીકળી હશે પરંતુ દરેક બગાયાતદારનો બાગાયતી ખેતીમાં ઉત્સાહ વધે તે માટે અહી સરળ અંદાજમાં રજૂ કરી છે. બીજી કવિતાઓ ફરી ક્યારેક અહી જ રજૂ કરીશું. બાગાયત એ શરીર અને આત્માનો ખોરાક છે.

"કેરીનો રસ અને જામફળની જેલી, બોરડીના બોર તથા આમલીની ચટણી,
લીલા નાળિયેરનું પાણી, ઘણા દર્દ જાય તાણી. તાંદળજોની ભાજી તબિયત રાખે તાજી,
આમળાની છે અનેક કરામત, પરંતુ માનવીનું મગજ માગે છે મરામત.
લીંબુનો રસ શરીરમાં ચડાવે કસ, દર્દને કહે હવે તું ખસ. શક્તિદાયક કેળા, મળે વેળા કે કવેળા. જામફળનો છે જાદુ, આંતર કરી દે સાજુ.
ફૂલોની તો છે દુનિયા, પરવાના થાય છે પતંગિયા"

ઘરેલુ સ્તરે ફળ અને શાકભાજીનું પરીક્ષણ કરવા માટે ખૂબ જ સરળ અને સુરક્ષિત રસાયણો ઉપયોગમાં લેવાય છે. જે સામાન્ય રીતે રસોડા અથવા દવાખાનામાં સરળતાથી મળી રહે. રસાયણો જેવા કે સ્ટાર્ચ, એસિડ, વિટામિન સી, ખાંડ અને મીઠું જેવા પદાર્થો ઉપયોગી છે.

» ● પી.એચ. મીટર તથા લિટમસ પેપરના ઉપયોગથી જાણકારી મેળવવી.

» ● ઓવન ડ્રાઈંગ પદ્ધતિ.

» ● આયોડિન રંગ લગાવી ફળમાં ફેરફાર જોવો.

» ● સુગર કન્ટેન્ટ માપવા માટે રીફ્રેક્ટ્રોમીટર પદ્ધતિ.

**ફળો અને શાકભાજીની વિવિધ બનાવટો :**

» ● કેરી: રસ, અથાણા, ચટણી, જામ, ટોફી વગેરે

» ● કેળા: વેફર, કેન્ડી, જામ

» ● ચીકુ: સુકવણી, જ્યુસ, જામ

» ● જામફળ: જેલી, ટોફી

» ● આમળા: મુરબ્બો, મુખવાસ, જામ, ટોફી

» ● બોર: કેન્ડી, જામ, સુકવણી

» ● પપૈયા: જામ, ટુટીફ્રુટી

» ● સીતાફળ: સીતાફળ રબડી, આઈસ્ક્રીમ

» ● નાળિયેર: નાળિયેરનો હલવો, ટોપરું, મીઠાઈ વગેરે

» ● દાડમ: શરબત

# વન વગડામાં જોવા મળતો "મહુડો" ઔષધિય ગુણોની ખાણ

આદિવાસી પરંપરામાં મહુડાનો રોલ ખૂબ જ મહત્વનો છે. કહેવાય છે કે, જ્યારે ભોજનની સમસ્યા આવે છે તો આદિવાસી સમાજ મહુડાના ફૂલ વેચીને પોતાનું ગુજરાન ચલાવે છે. મહુડાનું ઝાડ સર્વગુણ સંપન્ન છે. તેના ફૂલનો રસ શક્તિશાળી છે. આયુર્વેદમાં મહુડાનું વિશેષ સ્થાન છે. મહુડો ખાવાથી હીમોગ્લોબિનનું સ્તર વધે છે. પેટના અલ્સર સહિત અન્ય રોગો પણ ઠીક થઈ જાય છે. ચિત્રકૂટના માનિકપુર સીએચસીમાં તૈનાત ડોક્ટર પવને જણાવ્યું છે કે, મહુડાનું સેવન સ્વાસ્થ્યને કેટલાય પ્રકારે રાહત આપે છે. કારણ કે મહુડો ઔષધિય ગુણોથી ભરપૂર હોય છે. મહુડાનું સેવન કરવાથી કેટલીય સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ દૂર થઈ જાય છે. મહુડામાં પ્રોટીન, ફેટ, આયર્ન, ફોસ્ફોરસ, કેલ્શિયમ, કાર્બોહાઈડ્રેટ જેવા તત્વો જોવા મળે છે. જે સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ખૂબ જ ફાયદાકારક છે. ગુણોની વાત કરીએ તો, ડાયાબિટીઝથી પીડિત લોકોને મહુડો લાભ પહોંચાડે છે. તેના પત્તાનો અર્ક પણ શુગરને કંટ્રોલ કરે છે. દૂધ અને મહુડાનું મિશ્રણ હાઈ બ્લડ પ્રેશરને રોકવામાં મદદ કરે છે. મહુડાનું વધારે સેવન કરવાથી આપણા માટે હાનિકારક સાબિત થાય છે. કેમ કે જો આપ બ્લડ શુગર લેવલ કમ કરવાની દવાનું સેવન કરતા હશો તો તમારે મહુડાનું સેવન ન કરવું જોઈએ. મહુડાનું વધારે સેવન કરવાથી ઈન્ફર્ટિલિટીમાં તકલીફો આવી શકે છે. તો વળી અમુક લોકોને મહુડામાં રહેલા તત્વોથી એલર્જી પણ થઈ શકે છે. ત્યારે આવા સમયે તેનું સેવન કરવાથી શ્વાસ લેવામાં તકલીફ, ત્વચા પર લાલ ફોલ્લી પડવી, ખંજવાળ આવવી, બળતરા જેવી સમસ્યા થઈ શકે છે.

ઘેઘૂર મહુડા ઉનાળાની બપોરે લીમડાની છાયા કરતાં પણ વધુ શીતળતા આપે છે. ખૂબ મીઠી સુગંધથી મહેકતા એના ફૂલ ખૂબ ઊંચું પોષણ મૂલ્ય ધરાવે છે. આ ફૂલની ઔષધિય ઉપયોગિતા પણ છે. સદા હરિયાળો રહેતો મહુડો અનેક પક્ષીઓ માટે ઘરની ગરજ સારે છે. મહુડાના ફૂલ ઈન્ડિયન સ્લોથ બિઅર એટલે કે ભારતીય પ્રજાતિના રીંછ માટે મીઠાઈ સમાન છે. એટલે જ એને કલ્પવૃક્ષની ઉપમા આપવામાં આવી છે.

શ્રી સચીનભાઈ એસ. દરજી - વિષય નિષ્ણાત- બાગાયત
શ્રીમતી હિનાબેન એમ. પટેલ - વિષય નિષ્ણાત- હોમ સાયન્સ
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જી. પાટણ


મહુડો એ એક ભારતીય ઉષ્ણકટિબંધીય વૃક્ષ છે. મહુડો લગભગ ૧૦-૧૫ મીટરની ઊંચાઈ સુધી વધે છે. મહુડો ઝડપથી વિકાસ પામતું વૃક્ષ છે. મહુડાને પરિપક્વ થતા ૬-૮ વર્ષ જેટલો સમય લાગે છે. માર્ચ મહિનામાં મહુડો સોળે કલાએ ખીલી ઉઠે છે. મહુડો એ આદિવાસી માટે કલ્પવૃક્ષ છે. આદિવાસી સમાજમાં મહુડાને વારસામાં આપવાની પરંપરા છે. મહુડાનાં બધા ભાગનો ઉપયોગ કરી શકાય છે. વાવેતરના ૧૦-૧૫ વર્ષ પછી સરેરાશ કદનો મહુડો ચાલતી સિઝનમાં એક મહિનામાં ૫૦-૧૦૦ કિલોગ્રામ જેટલા ફૂલોનું ઉત્પાદન કરે છે. અને ૬૦ વર્ષ સુધી ફળ આપે છે. એક મહુડાનું ઝાડ વાર્ષિક સરેરાશ પ્રમાણે ૬૨.૫ કિલોગ્રામ ફૂલ અને ૫૯ કિલોગ્રામ ગુલીનું ઉત્પાદન કરે છે. જૂન મહિનામાં ફળ પાકે છે. બીજ ૨ સેમી જેટલા કદના ભુરા અને ચમકતા હોય છે. મહુડાનાં બીજ પર છાલનું કવચ હોય છે. મહુડાનું ફળ ડોળી નામે ઓળખાય છે, જે ઉનાળામાં આવે છે. આ ડોળીને ફોડીને તેને સુકવવામાં આવે છે. ત્યારબાદ તેનું પિલાણ કરવામાં આવે છે. આ ડોળીમાંથી તેલ પ્રાપ્ત થાય છે. જે આરોગ્ય માટે ખૂબ જ સારું હોય છે. આદિવાસીઓ મોટેભાગે આ જ તેલનો ઉપયોગ કરે છે. મહુડાનાં ફળ સ્વાદમાં મીઠા હોય છે અને તેના ફળમાંથી દારૂ પણ બનાવવામાં આવે છે. માર્ચ મહિનામાં મહુડાના ફૂલ ખૂબ જ મોટી સંખ્યામાં આવે છે. આ ફૂલો ખૂબ તાકતવર હોય છે, અને આ ફૂલોને ખાવાથી ઘણા બધા લાભ શરીરને મળે છે. આ ફૂલનો રંગ થોડો પીળો હોય છે. આ ફૂલમાં પ્રોટીન, કેલ્શિયમ અને ફાસ્પોરર્સ જેવા તત્વો હોય છે. ફૂલો હંમેશા ઝુમખાંમાં આવે છે. આ ફૂલનો ઉપયોગ ખોરાક તરીકે કરવામાં આવે છે. આ વૃક્ષના પાંદડાને દાંત પર ઘસવાથી દાંતના દુઃખાવામાં રાહત મળે છે. જડબામાંથી લોહી નીકળે ત્યારે આ વૃક્ષની છાલનો રસ કાઢીને તેમાં પાણી મિલાવી કોગળા કરો. દિવસમાં ત્રણ વાર આ પાણીથી કોગળા કરવાથી લોહી નીકળતું બંધ થઈ જશે. ફળનાં બિયાં પાણીમાં ઘસીને આંજવાથી સાપનું ઝેર ઉતરી જાય છે. આંખોમાં ધૂળ જાય ત્યારે મહુડાના ફળનો રસ આંખોમાં નાખવાથી આંખોને એકદમ સાફ કરી દેશે. મહુડાના રસમાં તમે ચાહો તો મધ પણ નાખી શકો છો. બવાસીર થાય ત્યારે તમે મહુડાના ફળનું સેવન કરો તમે થોડા ફૂલોને લઈ એને ઘીમાં નાખી એનું સેવન કરો. રોજ પડેલા મહુડાના ફળને ખાવાથી બવાસીરથી આરામ મળશે. મહુડાનાં પાંદડાઓનું તેલ ત્વચા માટે ખૂબ ફાયદાકારક છે અને આ તેલને ચહેરા પર લગાવવાથી ચહેરો એકદમ મુલાયમ થઈ જશે તથા શરીરના કોઈપણ ભાગે ખુજલી અથવા જલન થતી હોય તો આ તેલ લગાવવાથી જલ્દીથી આરામ મળી જશે. મહુડાની ડોળી (બીજ)ના તેલનો ઉપયોગ (જે સામાન્ય તાપમાન પર જામી જાય છે) સાબુ અથવા ડિટર્જન્ટ બનાવવા માટે, અને વાનસ્પતિક માખણના રૂપમાં કરવામાં આવે છે. ઈંધણ તેલના રૂપમાં પણ તેનો ઉપયોગ થાય છે. તેલ કાઢ્યા બાદ વધેલા ખોળનો ઉપયોગ જાનવરોના ખાવા માટે અને ખાતર તરીકે કરવામાં આવે છે.

મહુડાની છાલનો કાળો પીવાથી શરદી જલ્દી મટી જશે. ડાયાબીટીસના દર્દી માટે મહુડાની છાલનો કાવો ખૂબ લાભદાયક હોય છે અને કાળો પીવાથી બ્લડ સુગર લેવલ કંટ્રોલમાં રહે છે. મહુડાની છાલનો કાવો પીવાથી ઘૂંટણના દર્દ અને સુજનથી રાહત મળે છે. કાવો ના પીવો હોય તો એનો લેપ પણ લગાવી શકાય છે. (લેપ બનાવવા માટે તમે એની છાલને પીસી તેમાં ગરમ સરસોનું તેલ મેળવો પછી આ લેપને લગાવી લો. આ લેપ લગાવવાથી સુજનથી રાહત મળી જશે.) લાકડું ઈમારતી લાકડા તરીકે, મકાન બાંધકામમાં થાંભલા કે મોભ તરીકે વપરાય છે. આમ મહુડો આદિવાસી સમાજ માટે આવકનું સૌથી મોટું સાધન અને આદિવાસીઓના કલ્પવૃક્ષ તરીકે ગણાય છે.

# પાકિસ્તાની હેન્ડલરે સોશિયલ મીડિયાના માધ્યમથી સીધો સંપર્ક કરતા ડૉ.ઉમરે મોબાઈલ બંધ કરી દીધો હોવાનું ખુલ્યું

નવીદિલ્હી,તા.૧૬

૩૦ ઓક્ટોબરના રોજ ડૉ. મુઝામિલની ધરપકડ થયા પછી, પાકિસ્તાની હેન્ડલરે આતંકવાદી ડૉ. ઉમર સાથે સીધો સંપર્ક સ્થાપિત કર્યો. ડૉ. ઉમરે તરત જ તેનો મોબાઈલ ફોન બંધ કરી દીધો. તે સોશિયલ મીડિયા દ્વારા પાકિસ્તાની હેન્ડલર સાથે સતત વાતચીત કરી રહ્યો હતો. આ સમયગાળા દરમિયાન, લગભગ ૧૦ દિવસ સુધી, પાકિસ્તાની હેન્ડલરે તેનું



બ્રેઈનવોશ કર્યું, જેમાં શરિયા અથવા કાશ્મીર માટે શહાદત જેવા નારા લગાવવામાં આવ્યા. તપાસ એજન્સીના સૂત્રો અનુસાર, ડૉ. ઉમર અને તેમના પાકિસ્તાની હેન્ડલરે દરરોજ ઘણી વખત વીડિયો કોલ દ્વારા વાત કરી. આનાથી તે એટલો ગુસ્સે થયો કે ૧૦ નવેમ્બરે તેણે દિલ્હીના લાલ કિલ્લા પાસે બોમ્બ વિસ્ફોટ કર્યો અને પોતાનો જીવ દઈ લીધો. શનિવારે દિલ્હીમાં બોમ્બ બ્લાસ્ટ કરનાર ડૉ. ઉમરનો બીજો વીડિયો વાયરલ થયો છે. આ ૨૫ સેકન્ડનો CCTV ફૂટેજ છે. તેમાં, તે ધૌજ વિસ્તારમાં એક મેડિકલ સ્ટોર-કમ-ક્લિનિકમાં બેઠો છે, ત્યાં તેનો મોબાઈલ ફોન ચાર્જ કરી રહ્યો છે. આ વીડિયો ૨૯ ઓક્ટોબરનો છે. તપાસ એજન્સી હવે આ મેડિકલ સ્ટોર-કમ-ક્લિનિકના સંચાલક અને સ્ટાફની પૂછપરછ કરી રહી છે.

# જોધપુર-જૈસલમેર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ભયાનક અકસ્માતમાં ગુજરાતના ૬ શ્રદ્ધાળુઓના મોત

જોધપુર,તા.૧૬

જોધપુર-જૈસલમેર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર એક દુઃખદ માર્ગ અકસ્માત થયો. બાલેસર પોલીસ સ્ટેશન વિસ્તારમાં, રામદેવરા દર્શન માટે જઈ રહેલા ભક્તોને લઈ જતો એક ટેમ્પો એક ઝડપી ટ્રક સાથે અથડાઈ ગયો. આ ભયાનક ટક્કરમાં છ શ્રદ્ધાળુઓના મોત થયા છે, જ્યારે મહિલાઓ અને બાળકો સહિત ૧૪ અન્ય લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. બધા



ઘાયલોને જોધપુરની એમડીએમ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. મૃતકો અને ઘાયલો ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના રહેવાસી હોવાનું કહેવાય છે. આ અકસ્માત સવારે ૫:૩૦ વાગ્યે રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૧૨૫ પર ખારી બેરી ગામ નજીક થયો હતો. બાલેસર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ મૂળ સિંહ ભાટીએ જણાવ્યું હતું કે ખૂબ જ ઝડપે આવતા બાજરીની બોરીઓથી ભરેલા ટ્રકે કાબુ ગુમાવ્યો અને સામેથી આવી રહેલા ટેમ્પો સાથે અથડાયો. ટક્કર એટલી ગંભીર હતી કે ટેમ્પોનો આગળનો ભાગ સંપૂર્ણપણે તૂટી ગયો હતો, અને ટ્રક પણ પલટી ગયો હતો. ટેમ્પોની આગળની સીટ પર બેઠેલા મહેન્દ્રએ જણાવ્યું હતું કે બધા શ્રદ્ધાળુઓ ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાંથી રામદેવરાના દર્શન કરવા માટે નીકળ્યા હતા.

# બિહારમાં મહિલાના ખાતામાં રૂા.૧૦૦૦૦ નાખવા વિશ્વ બેન્કની લોનનો ઉપયોગ : પવન વર્મા


પટણા,તા.૧૬

જન સૂરજ પ્રવક્તા અને વરિષ્ઠ પક્ષ વ્યૂહરચનાકાર પવન વર્માએ ગંભીર આરોપ લગાવ્યા છે કે વિશ્વ બેંક દ્વારા સમર્થિત પ્રોજેક્ટ માટે ફાળવવામાં આવેલા ભંડોળનો ઉપયોગ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળના રાષ્ટ્રીય લોકશાહી જોડાણની કેન્દ્ર સરકારે બિહાર વિધાનસભાની ચૂંટણીમાં કર્યો હતો. તેમના મતે, વિશ્વ બેંક દ્વારા ફાળવવામાં આવેલા ભંડોળ મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજના હેઠળ ચૂંટણીવાળા રાજ્યમાં મહિલા મતદારોને વહેંચવામાં આવ્યા હતા. તેમણે અહેવાલ આપ્યો હતો કે બિહારમાં ૧૨.૫ મિલિયન મહિલાઓના ખાતામાં ૧૦,૦૦૦ જમા કરવામાં આવ્યા હતા, પરંતુ દાવો કર્યો હતો કે ભંડોળનો સમય અને સ્રોત શંકાસ્પદ છે. વર્માએ પાર્ટી દ્વારા મળેલી માહિતીનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે બિહારમાં સરકારી દેવું હાલમાં ૪૦૬,૦૦૦ કરોડ છે. દૈનિક વ્યાજ ૬૩ કરોડ છે. તિજોરી ખાલી છે.

# આઈએસઆઈની નવી રણનીતિ : કાશ્મીરના બદલે પાકિસ્તાન-બાંગ્લાદેશમાંથી ભારતમાં આતંકવાદ ફેલાવવા ભરતી

નવીદિલ્હી,તા.૧૬

ઓપરેશન સિંદૂર અને દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા વિસ્ફોટ પછી, ઘણા વધુ તથ્યો પ્રકાશમાં આવ્યા છે. સંરક્ષણ નિષ્ણાતો કહે છે કે આઈએસઆઈ હવે કાશ્મીરને બદલે પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં ભારતમાં આતંકવાદ માટે આતંકવાદીઓની ભરતી કરી



રહી છે. ખીણમાં કેન્દ્ર સરકાર દ્વારા વધેલી કાર્યવાહી બાદ આ કરવામાં આવી રહ્યું છે. ભારતીય સેનાના સેન્ટ્રલ કમાન્ડના ભૂતપૂર્વ ચીફ ઓફ સ્ટાફ, નિવૃત્ત લેફ્ટનન્ટ જનરલ રવિન્દ્ર પ્રતાપ શાહી કહે છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં ખીણમાં સૈન્યની કડક કાર્યવાહીથી પાકિસ્તાન સમર્થિત આતંકવાદી સંગઠનો લકવાગ્રસ્ત થયા છે. કડક દેખરેખને કારણે તેઓ સ્થાનિક રીતે ભરતી કરી શકતા નથી. પરિણામે, તેમણે નવી રણનીતિ અપનાવી છે અને બાંગ્લાદેશ અને પાકિસ્તાનમાં આતંકવાદીઓને તાલીમ આપવાનું શરૂ કર્યું છે. તાજેતરની તપાસમાં આ વાત બહાર આવી છે.

# રશિયન ક્રૂડ ઑઈલનો ભારત મોટો ખરીદદાર : પ્રતિબંધો પહેલાં ઓક્ટોબરમાં ૨.૫ અબજ યુરોની આયાત


નવીદિલ્હી,તા.૧૬

રશિયન ક્રૂડ ઓઈલના બીજો સૌથી મોટા ખરીદનાર ભારતે, રશિયન કંપનીઓ પર નવા પ્રતિબંધો લાદવામાં આવ્યા તે પહેલાં ઓક્ટોબરમાં ૨.૫ અબજ યુરોનું તેલ ખરીદ્યું હતું, એક યુરોપિયન સંશોધન સંસ્થાએ અહેવાલ આપ્યો હતો. ઓક્ટોબરમાં રશિયન તેલ પર ભારતનો ખર્ચ ૨.૫ અબજ યુરો રહ્યો, જે સપ્ટેમ્બર જેટલો જ હતો. સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એર અનુસાર, ભારત ઓક્ટોબરમાં રશિયન અશ્મિભૂત ઈંધણનો બીજો સૌથી મોટો ખરીદનાર દેશ રહ્યો, ચીન પછી. ૨૨ ઓક્ટોબરના રોજ, યુકેએ રશિયાના બે સૌથી મોટા તેલ ઉત્પાદકો, રોઝનેફ્ટ અને લુકોઈલ પર પ્રતિબંધો લાદ્યા હતા, જેથી યુક્રેન યુદ્ધને ભંડોળ પૂરું પાડવા માટે ક્રેમલિનના સંસાધનો ઘટાડી શકાય. ભારતીય કંપનીઓએ આયાત બંધ કરી દીધી છે.

# હર્ષ સંઘવીની તંત્રને કડક ચેતવણી : ખેડૂતોને સહાય "સમયસર અને પૂર્ણરૂપે" મળી જવી જોઈએ

સુરત,તા.૧૬

સુરતના લસકાણા વિસ્તારમાં યોજાયેલા એક જાહેર કાર્યક્રમ દરમિયાન રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કમોસમી વરસાદના કારણે થયેલા પાક નુકસાનના વળતર અંગે વહીવટી તંત્રને કડક સંદેશ આપ્યો. તેમણે સ્પષ્ટ કર્યું કે સરકાર ખેડૂતોને ઝડપથી સહાય પહોંચાડવા પ્રતિબદ્ધ છે અને જો કોઈ ખેડૂત તરફથી વળતર વિલંબિત મળ્યું હોવાની અથવા યોગ્ય રીતે ન મળ્યાની ફરિયાદ મળશે, તો સંબંધિત અધિકારી સામે કોઈ ચર્ચા વિના તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે. કાર્યક્રમ દરમિયાન નાયબ મુખ્યમંત્રીએ પાક નુકસાન સહાય પેકેજની અમલવારી અંગે અધિકારીઓને તીખી ચેતવણી આપી હતી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે ખેડૂતોને સહાય "સમયસર અને



પૂર્ણરૂપે" મળી જવી જોઈએ. હર્ષ સંઘવીએ કહ્યું કે સરકાર પોતાના સ્તરે તાત્કાલિક પગલાં લઈ રહી છે, અને હવે વહીવટીતંત્રની જવાબદારી છે કે એકપણ ખેડૂતને સહાય માટે ભટકવું ન પડે. જો કે આ બધા વચ્ચે વળતર મેળવવા હકદાર ખેડૂતો નવી જ સમસ્યાનો સામનો કરી રહ્યા છે. મેંદરડા તાલુકાના ખડપીપળી ગામમાં છેલ્લા બે દિવસથી ખેડૂતો ગ્રામપંચાયત કચેરી બહાર લાંબી લાઈનોમાં ઉભા છે, પરંતુ સરકારની ઓનલાઈન સિસ્ટમ વારંવાર ડાઉન થઈ જતાં તેઓ પોતાનું ફોર્મ ભરી શકતા નથી.

# મેક્સિકોમાં ભ્રષ્ટાચાર મામલે હજારો GenZનું પ્રદર્શન, હથોડા-લાકડીથી હુમલો

મુંબઈ,તા.૧૬

શનિવારે મેક્સિકોમાં હજારો GenZ સભ્યો વધતા ગુના, ભ્રષ્ટાચાર, હિંસા માટે સજા મુક્તિ અને જાહેર સલામતીના અભાવનો વિરોધ કરવા માટે રસ્તાઓ પર ઉતર્યા હતા. GenZ એ રાષ્ટ્રપતિના સત્તાવાર નિવાસસ્થાન, નેશનલ પેલેસની સુરક્ષા દિવાલો તોડી નાખી. વિરોધીઓએ પોલીસ પર પથ્થરો, હથોડા, ફટાકડા,



લાકડીઓ અને સાંકળોથી હુમલો કર્યો. પોલીસે તેમને વિખેરવા માટે ટીયર ગેસનો ઉપયોગ કર્યો હતો. રાજધાનીના સુરક્ષા સચિવ, પાબ્લો વાઝક્વેઝે, ધ ઈન્ડિપેન્ડન્ટને જણાવ્યું હતું કે વિરોધ પ્રદર્શનોમાં ૧૨૦ લોકો ઘાયલ થયા હતા, જેમાંથી ૧૦૦ પોલીસ અધિકારીઓ હતા અને ૨૦ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. આ વર્ષે ઘણા દેશોમાં GenZ યુવાનો અસમાનતા, લોકશાહીના પતન અને ભ્રષ્ટાચારનો વિરોધ કરવા માટે રસ્તાઓ પર ઉતર્યા છે. નેપાળમાં, સપ્ટેમ્બરમાં સોશિયલ મીડિયા પર પ્રતિબંધને કારણે મોટા પાયે વિરોધ પ્રદર્શનો થયા હતા, જેના કારણે વડાપ્રધાને રાજીનામું આપ્યું હતું.

# ગીર સોમનાથ જિલ્લાનાં તમામ આઠ ઘટકો દ્વારા પૂર્ણા યોજનાની કિશોરીઓને વિવિધ કચેરીની મુલાકાત કરાવી

ગીર સોમનાથ, તા. ૧૬

ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮ થી ૧૫ થી ૧૮ વર્ષની તમામ કિશોરીઓ માટે પૂર્ણા યોજના અમલ કરવામાં આવી છે. આ યોજના હેઠળ પૂરક પોષણ અને પૂરક પોષણ સિવાયની સેવાઓ આપવામાં આવે છે.

ગીર સોમનાથ જિલ્લાનાં તમામ ઘટકો દ્વારા પૂર્ણા યોજનાની પૂર્ણા સખી/ સહસખી અને કિશોરીઓને વિવિધ કચેરીઓ જેમ કે બેંક, પોસ્ટ ઓફિસ, પોલીસ સ્ટેશન, ગ્રામપંચાયત, PHC, CHCની મુલાકાત કરાવી હતી. મુલાકાત દરમિયાન કિશોરીઓને વિવિધ વિભાગો દ્વારા યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

**કિશોરીઓને વિવિધ વિભાગો દ્વારા યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું**

# ખેલ મહાકુંભમાં કોડીનારની મ્યુ. ગર્લ્સ હાઈસ્કૂલની ખો-ખો ટીમનો દબદબો

કોડીનાર,તા.૧૬

ગુજરાત સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત તાજેતરમાં કોડીનારના વેલણ મુકામે તાલુકા કક્ષાની ખો-ખો સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કોડીનાર નગરપાલિકા સંચાલિત મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલની અંડર-૧૭ બહેનોની ટીમે અદ્ભૂત પ્રદર્શન કરીને પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે. ટીમના કોચ



રણજીતભાઈ રાઠોડ અને ટીમના મેનેજર જગમાલભાઈ જાદવના સતત માર્ગદર્શન, પ્રોત્સાહન અને સખત તાલીમને કારણે સફળતા હાંસલ કરી.

# કોડીનાર મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલની કબડ્ડી ટીમે તાલુકા કક્ષાના ખેલ મહાકુંભમાં પ્રથમ સ્થાન મેળવ્યું

કોડીનાર,તા.૧૬

ગુજરાત સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત કોડીનાર મુકામે યોજાયેલી તાલુકા કક્ષાની અંડર-૧૭ બહેનો માટેની કબડ્ડી સ્પર્ધામાં કોડીનાર નગરપાલિકા સંચાલિત મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલની દીકરીઓની ટીમે શાનદાર પ્રદર્શન કર્યું હતું. આ ટીમે સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવીને કોડીનાર નગર અને સમગ્ર શાળા પરિવારનું ગૌરવ વધાર્યું છે. સ્કૂલ દ્વારા આ જીતનો શ્રેય ટીમના કોચ રણજીતભાઈ રાઠોડ અને ટીમના



તસવીર : કુલદીપ પાઠક

મેનેજર જગમાલભાઈ જાદવની મહેનત તથા દીકરીઓના ઉત્કૃષ્ટ ટીમવર્કને આપવામાં આવ્યો છે. કોડીનાર નગરપાલિકાના ઉપપ્રમુખ શિવાભાઈ સોલંકીએ વિજેતા ખેલાડીઓ શુભેચ્છાઓ પાઠવી છે.

# કોડીનારના કરેડા ગામે પિતાની યાદમાં રૂ. ૫ લાખથી વધુ ખર્ચે બંધાયેલ મુખ્ય પ્રવેશદ્વારનું લોકાર્પણ

કોડીનાર,તા.૧૬

કોડીનાર તાલુકાના કરેડા ગામે મુખ્ય પ્રવેશદ્વારનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રવેશદ્વાર ગામના જ સ્વર્ગસ્થ અગ્રણી રામભાઈ વશરામભાઈ વાઝાની કાયમી યાદગીરી રૂપે તેમના પુત્ર વજુભાઈ વાઝાએ રૂ.૫ લાખથી વધુના સ્વખર્ચે બનાવ્યું હતું. આ પ્રવેશદ્વાર ૧૭ ફૂટ પહોળું અને ૧૭ ફૂટ ઊંચુ તેમજ બળેજના નકશીદાર પથ્થરોથી બનાવ્યું છે. કડવીબેન



રામભાઈ વાઝા અને મંજુલાબેન વજુભાઈ વાઝાના હસ્તે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર પ્રવેશદ્વારનું પૂજન કરાવી કોડીનાર નગરપાલિકાના ઉપપ્રમુખ શિવાભાઈ સોલંકીના હસ્તે લોકાર્પણ કરાયું હતું. આ સામાજિક પ્રસંગે ગામના તમામ સમાજના અગ્રણીઓ, યુવાનો અને બહેનો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે સરપંચ સુમિત્રાબેન રમેશભાઈ સોસાએ સૌનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે કોડીનાર તાલુકા ભાજપ પ્રમુખ જીતુભાઈ બારડ, તાલુકા ભાજપ પૂર્વ પ્રમુખ ભગુભાઈ પરમાર, કોડીનાર માર્કેટિંગ યાર્ડ ચેરમેન સુભાષભાઈ ડોડીયા, શહેર ભાજપ પ્રમુખ અજયભાઈ પરમાર, કોડીનાર તાલુકા ખરીદ વેચાણ સંઘ પ્રમુખ દિલીપભાઈ મોરી, સંગ્રામભાઈ વાઝા (નિવૃત્ત પી.એસ.આઈ) સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

# જસદણ મામલતદાર કચેરી ખાતે સર્વર ડાઉનના કારણે ખેડૂતોની હાલાકી વધી, કલાકો સુધી લાઈનોમાં ઊભા રહેવાની ફરજ

જસદણ,તા.૧૬

જસદણ ખાતે મામલતદાર કચેરીઓ પર ખેડૂતોને ૭/૧૨ અને ૮-અ ના દાખલા મેળવવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. કમોસમી વરસાદને કારણે રાજ્ય સરકારે જાહેર કરેલી રૂ.૧૦,૦૦૦ કરોડની સહાય મેળવવા માટે આ દસ્તાવેજો ફરજિયાત છે, પરંતુ છેલ્લા બે દિવસથી સરકારની સિસ્ટમમાં સર્વર ડાઉન અને ટેકનિકલ ખામી સર્જાતા ખેડૂતોની હાલાકી વધી ગઈ છે. ખેડૂતો



સવારથી સાંજ સુધી લાંબી લાઈનોમાં ઊભા રહે છે, તેમ છતાં દિવસમાં માત્ર ચારથી પાંચ ખેડૂતોના જ દાખલા બહાર પડે છે. ગઈકાલે બપોરે ૧૨ વાગ્યાથી ફોર્મ પ્રક્રિયા શરૂ થઈ હોવા છતાં આજે બીજા દિવસે પણ આ સ્થિતિ યથાવત રહી હતી. ઘણા ખેડૂતો નિરાશ થઈને ઘરે પાછા ફર્યા હતા, તો ઘણા બીજીવાર આવીને ફરી લાઈનમાં ઊભા રહ્યા હતા. ખેડૂતોએ પોતાની વ્યથા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ×પહેલા જસદણ માર્કેટિંગ યાર્ડમાં મગફળી વેચવા માટે લાઈન ઉભા રહ્યા, પછી ફોર્મ ભરવા માટે લાઈન, અને હવે દસ્તાવેજો કઢાવવા પણ લાઈનમાં ઉભું રહેવાનું? ખેડૂતોએ માંગ કરી છે કે, સરકારે સર્વર અને ટેકનિકલ સિસ્ટમમાં તાત્કાલિક સુધારો કરવો જોઈએ, અને સહાયના ફોર્મ ભરવાની ૧૫ દિવસની મુદત વધારવામાં આવે, જેથી તમામ ખેડૂતોને પૂરતો સમય મળી રહે.

## વાડી માલિકને અંધારામાં રાખી ભાગીયાએ ગાંજાનું વાવેતર કરતા પોલીસ ત્રાટકી

# લાઠીના મતીરાળા ગામે કપાસની આડમાં ગાંજાનું વાવેતર ઝડપાયું

**પોલીસે ૧૫૬ કિલો ગાંજાના છોડ સાથે રૂા.૭૭.૯૩ લાખનો મુદ્દામાલ ઝડપ્યો**

અમરેલી,તા.૧૬

અમરેલી જિલ્લામાં કપાસના વાવેતરની આડમાં ગાંજાનું વાવેતર કરનારાઓ પર પોલીસે ઘોંસ બોલાવી છે. અમુક ઈસમો પોલીસની આંખમાં ધૂળ નાખી વાવેતરની આડમાં ગાંજાનું વાવેતર કરી રહ્યાં છે. જો કે પોલીસને મળેલી બાતમીના આધારે લાઠી તાલુકાના મતીરાળા ગામેથી ગાંજાના છોડ સહિત એક શખ્સને પોલીસે ઝડપી પાડ્યો છે. લાઠી તાલુકાના મતીરાળા ગામની સીમમાં એક ખેતરમાં કપાસના પાકની આડમાં વાવેલા ૧૫૫.૮૬૫ કિલો ગાંજાના છોડ સાથે એક આરોપીની એસઓજી દ્વારા ધરપકડ કરવામાં આવી છે. જપ્ત કરાયેલા ગાંજાની કિંમત રૂ. ૭૭,૯૩,૨૫૦ આંકવામાં આવી





છે. આ અંગે એસઓજી પીઆઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, અમરેલી SP સંજય ખરાતની સૂચના અને એસઓજી ટીમને મળેલી બાતમીના આધારે લાઠી તાલુકાના કેરાળા ગામ તરફ જતા રસ્તે આવેલા મતીરાળા ગામની સીમમાં બાબુ ડેરના ખેતરમાં દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન, છનાભાઈ પંચાલ (રહે. કેરાળા) નામના આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો. ખેતરમાંથી આશરે લીલા ગાંજાના ૪૮ છોડ મળી આવ્યા હતા, જેનું કુલ વજન ૧૫૫.૮૬૫ કિલોગ્રામ હતું. SOG દ્વારા આ સમગ્ર મુદ્દામાલ જપ્ત કરી આરોપી છનાભાઈ પંચાલ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આરોપીને લાઠી પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે, જ્યાં ગુનો નોંધી વધુ તપાસ ચાલી રહી છે.

### ગાંજાના વાવેતર બાબતે વાડી માલિક અજાણ

અમરેલી એસઓજી પીઆઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ૧૦ વિઘા વાડી નિવૃત્ત આર્મીમેન બાબુભાઈ ડેરની છે પરંતુ આરોપી છના પંચાલે વાડી માલિકને અંધારામાં રાખી કપાસના છોડની વચ્ચે ૧૦ મીટરની ત્રિજ્યામાં ગાંજાનું વાવેતર કર્યું હતું. આરોપી છના પંચાલ છેલ્લાં ત્રણ કે ચાર વર્ષથી ભાગીયુ રાખીને કામ કરે છે. જો કે વાડી માલિકને અંધારામાં રાખી ગાંજાનું વાવેતર કર્યું હોવાનું આરોપી છના પંચાલે પોલીસને જણાવ્યું હતું.


# ભાવનગરમાં ગુમ થયેલા માતા,પુત્ર,પુત્રીની દાટી દિધેલી લાશો મળી

**ફોરેસ્ટ કોલોનીમાં ખોદકામ કરતા ત્રણેયની લાશ મળી, પતિ શંકાના દાયરામાં**

ભાવનગર,તા.૧૬

ભાવનગરમાં ફરજ બજાવતા ફોરેસ્ટ અધિકારીના પત્ની અને બે સંતાનોની ફોરેસ્ટ કોલોની નજીક એક ખાડામાં દાટી દીધેલી લાશો મળી આવતા ચકચાર મચી છે. બંને સંતાનો સાથે માતા ૧૦ દિવસ પહેલા સુરત જવા નીકળ્યા બાદ ગુમ થયા હતા. જેની પોલીસને જાણ પણ કરવામાં આવી હતી. ત્રણેયની હત્યા કરી લાશનો દાટી દેવાઈ હોવાની પ્રબળ આશંકા સેવવામાં આવી રહી છે. ભાવનગર પોલીસ







કાફલો ઘટનાસ્થળ પર પહોંચ્યો હતો અને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ભાવનગર એસપી નિતેશ પાંડેએ કહ્યું કે, ACF પતિ શૈલેષ ખાંભલા શંકાના દાયરામાં છે. ભાવનગર એસપીએ જણાવ્યું કે, ફોરેસ્ટ ખાતામાં ACF શૈલષ ખાંભલાએ ૭ નવેમ્બરના રોજ ભરતનગર પોલીસ સ્ટેશનમાં જાહેરાત કરી હતી કે, તેમના પત્ની નયનાબેન તથા દીકરો-દીકરી ૫ નવેમ્બરથી ગુમ છે. પરિવાર સુરત રહેતો હતો અને રજામાં અહીં તેની સાથે રહેવા આવ્યા હતા. આ જાણવાજોગ દાખલ થયા બાદ અમારી ટીમો તપાસ કરતી હતી. એસપીએ આગળ કહ્યું કે, તપાસનીશ ટીમને ગઈકાલે માહિતી મળી કે, જે દિવસે મિસિંગ થયા તે સમય આસપાસ ફોરેસ્ટ કોલોનીના બગલામાં ખોદકામ કરાવ્યું હતું અને શંકાસ્પદ કામગીરી થઈ હતી. તેના આધારે અમારી ટીમે ડોગને સાથે રાખીને જે ખોદકામ થયેલી જગ્યા હતી ત્યાં ખોદકામ કર્યું હતું. જ્યાંથી ત્રણ બોડી મળી, આ મૃતદેહ નયનાબેન અને તેમના દીકરા-દીકરીની છે, જેને પરિવારે ઓળખ કરી હતી. ત્રણેયની લાશ મળતા પતિ જ શંકામાં દાયરામાં આવ્યો છે.

# અમરેલી સહિત રાજ્યમાં પવનની દિશા બદલાતા વધુ ઠંડી પડશે

અમદાવાદ,તા.૧૬

રાજ્યમાં ભારે ઠંડી પડી રહી છે, વાતાવરણમાં ભેજ વધવાથી એકંદર ઠંડીમાં ઘટાડો થયો છે. ૧૬ જિલ્લામાં ૨૦ ડિગ્રી સેલ્સિયસથી નીચે તાપમાન નોંધાયું છે, જેમાં નલિયામાં સૌથી ઓછું ૧૪.૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે પવનની દિશા બદલાતા આગામી દિવસોમાં ઠંડીમાં વધુ વધારો થશે. ગાંધીનગર, વડોદરા અને કંડલામાં ૧૫ ડિગ્રી સેલ્સિયસ, અમરેલી, રાજકોટ અને કેશોદમાં દરેકમાં ૧૫ ડિગ્રી સેલ્સિયસ, ડીસામાં ૧૫ ડિગ્રી સેલ્સિયસ, મહુવામાં ૧૬ ડિગ્રી સેલ્સિયસ, અમદાવાદમાં ૧૭ ડિગ્રી સેલ્સિયસ, સુરતમાં ૧૯ ડિગ્રી સેલ્સિયસ, દમણમાં ૧૮ ડિગ્રી સેલ્સિયસ, ભુજમાં ૧૭ ડિગ્રી સેલ્સિયસ, દીવમાં ૧૬.૭ ડિગ્રી સેલ્સિયસ, પોરબંદરમાં ૧૬ ડિગ્રી સેલ્સિયસ અને સુરેન્દ્રનગરમાં ૧૭ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે






# મૂળ દ્વારકા બંદર વિસ્તારમાં કચ્છી પીર બાબાની દરગાહમાંથી હથિયારો મળી આવતા ખળભળાટ

વેરાવળ,તા.૧૬

ગીર સોમનાથ જિલ્લાના મૂળ દ્વારકા બંદર વિસ્તારમાં પોલીસે મેગા કોમ્બિંગ ઓપરેશન હાથ ધર્યું હતું. એસ.પી. જયદીપસિંહ જાડેજાના નેતૃત્વ હેઠળ દિલ્હી બોમ્બ બ્લાસ્ટ બાદ જાહેર કરાયેલા હાઈ એલર્ટને પગલે આ કાર્યવાહી કરવામાં આવી હતી. જિલ્લાના ૧૧૦ કિલોમીટર લાંબા સંવેદનશીલ દરિયાકાંઠાના ગામોમાં વસવાટ કરતા લોકોની સઘન પૂછપરછ કરવામાં આવી



હતી. કોમ્બિંગ દરમિયાન SOG ટીમને હઝરત કચ્છી પીર બાબાની દરગાહમાંથી કુહાડી, કાટો અને તલવાર જેવા હથિયારો મળી આવ્યા હતા. આ હથિયારો મળતા દરગાહના મુંજાવરની તાત્કાલિક પૂછપરછ શરૂ કરવામાં આવી છે.

# પીઠવાજાળ ગામે દેસાઈ પરિવારને સાંત્વના પાઠવતા રાજ્યમંત્રી કૌશિક વેકરીયા

**ભીખાભાઈ દેસાઈ (માજી સરપંચ)નું દુઃખદ નિધન થતા આગેવાનોએ શ્રધ્ધાંજલિ પાઠવી**

અમરેલી, તા.૧૬

અમરેલીના પીઠવાજાળ ગામે સંજોગ ન્યૂઝ પરિવારના નિલેશભાઈ અને સુરેશભાઈ દેસાઈના પિતા ભીખાભાઈ દેસાઈ(માજી સરપંચ)નું નિધન થતા રાજ્યના ઉર્જા અને કાયદામંત્રી



કૌશિકભાઈ વેકરીયાએ પીઠવાજાળ ગામે જઈ ભીખાભાઈ દેસાઈની પ્રતિમાને શ્રધ્ધાસુમન અર્પણ કરી શ્રધ્ધાંજલિ પાઠવ્યા બાદ દેસાઈ પરિવાર પર આવી પડેલ દુઃખની ઘડીમાં સાંત્વના પાઠવી હતી.











